**સુવિચાર**

અભ્યાસ અને તાલીમ કઠોર લાગે પણ જયાં સુધી પુરૂ શિક્ષણ નહી લો ત્યાં સુધી સફળ થવું અને પૈસા કમાવવા મુશ્કેલ લાગશે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૦૩/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



એક એવી શાળા કે જયાં ભણવાનું ગૌરવ થાય
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ–૧૨. (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ ફાગણ વદ–૬ વર્ષ : ૧૫ અંક : ૦૯૨


## શિસ્તબંધ, રાષ્ટ્રવાદી પાર્ટીમાં ઠેકઠેકાણે નારાજગી ઉભી થઈ

# બસ હવે, બહુ થયું : ભાજપમાં બળવો ડામવા આદેશ

**વડોદરા, આણંદ, રાજકોટ, બનાસકાંઠા, જુનાગઢ અને અમરેલીમાં પણ કોઈને કોઈ વિવાદ**

**હાઈકમાન્ડને ઉમેદવારનો પ્રચાર કરવો કે કાર્યકર્તાઓ કે મતદારોની નારાજગી દૂર કરવી તે સમજાતું નથી**

**રાજયની તમામ ૨૬ બેઠક પાંચ લાખ મતથી જીત મેળવવાની આશા ધુંધળી બની**

**ભાજપ હાઈકમાન્ડે યુધ્ધનાં ધોરણે ડેમેજ કંટ્રોલ શરૂ કરતાં મામલો શાંત થશે કે નહી તે જોવું રહ્યું**

અમરેલી, તા. ૩૦


લોકસભાચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો પર પાંચ લાખથી વધુની લીડ સાથે વિજય માટે ધસમસી રહેલા ભાજપે ઉમેદવાર જાહેર કરતા જ હવે એક બાદ એક બેઠક પર સ્પીડબ્રેકર જેવી સ્થિતિ અનુભવવી પડે છે. પક્ષે જે રીતે જાન્યુઆરી માસમાં કાર્યાલય ખોલી નાખ્યા અને ઉમેદવાર કોણ તેની ચિંતા કર્યા વગર જ કમળ નિશાન અને મોદીનો ચહેરો તેના પર જ ચૂંટણી જીતવાની છે તેવો સંદેશ કાર્યકર્તાઓને આપ્યો. જેના ખભા પર બેસીને ચૂંટણી જીતવાની હતી તેવા કાર્યકર્તાઓને ઉમેદવાર અંગે ભાગ્યે જ પુછાયુ અને ગાંધીનગર–દિલ્હીમાં ચાર–પાંચ લોકોએ નિર્ણય


**અનુસંધાન પાના ૬ ઉપર**


### વિક્રમભાઈ ગાબુ અને રસિકભાઈ તાવિયાનાં કમકમાટીભર્યા મોત

# અરેરાટી : બાબરાનાં ધરાઈ ગામે કૂવા ગાળવાનું કામ કરતાં ૨ શ્રમિકોનું કૂવામાં પડી જવાથી મોત

**અમરેલીની ફાયર ટીમે ૩ કલાકની જહેમત બાદ મૃતદેશનું રેસ્કયુ કર્યુ**



અમરેલી, તા. ૩૦

બાબરા તાલુકાના ધરાઈ ગામે કુવા ગાળવાનું કામ કરતાં બે શ્રમિકો અકસ્માતે ૧૩૦ ફુટ ઉંડા કૂવામાં પડી જતાં બંને શ્રમિકોને ગંભીર ઈજાઓ થતાં બંનેનાં મોત નિપજયા હતા. આ બનાવ અંગે ધરાઈ ગામના સરપંચે અમરેલીના ફાયર ફાયટરને જાણ કરતાં અમરેલી ફાયર ટીમ તુંરત ઘટના સ્થળ ઉપર પહોંચી ૧૩૦ ફુટ ઉંડા કુવામાં અંદર ઉતરી સતત ૩ કલાકની જહેમત બાદ ૨ વ્યકિતનાં મૃતદેહને રેસ્કયુ કરી બહાર કાઢી સ્થાનિક પોલીસને પ્રાથમિક તપાસ અર્થે સોંપેલ હોય. સ્થાનિક પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાય છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ બાબરા તાલુકાના ધરાઈ ગામે કુવા ગાળવાનું કામ કરતાં વિક્રમભાઈ જાદવભાઈ ગાબુ (ઉ.વ. ૨૫) તથા રસિકભાઈ દેવસીભાઈ તાવિયા (ઉ.વ. ૩૦) નામનાં બે શ્રમિકો ધરાઈ ગામે આવેલ એક વાડીમાં કુવા ગાળવાનું કામ કરતાં હતા. ત્યારે કુવાની અંદર ઉપર સાઈડમાં કામ


**અનુસંધાન પાના ૬ ઉપર**


## ભાજપનાં ઉમેદવાર ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયમાં



અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ "અમરેલી એકસપ્રેસ" કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઈને વિજેતા થવાનો અને જિલ્લાનો સર્વાંગી વિકાસ કરવાનો આશાવાદ દર્શાવ્યો હતો. આ તકે પાલિકા પ્રમુખ બિપિન લીંબાણી, કારોબારી ચેરમેન મનિષ ધરજીયા, ચિરાગ ત્રિવેદી સહિતનાં આગેવાનો જોડાયા હતા.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
60,350/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦/૦૩/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

Aikyam
ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
▪ શું આપને ઉદાસી રહે છે ? ▪ રડવું આવે છે ? ▪ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
: કિલનીક સમય :
સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮


શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય




અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
NATRAJ Gharelu Aatachakki
ફૂલ્લી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી



સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૭૪ ૫૯૫૪૭

હવે...આપણા અમરેલીમાં જ સુરત, રાજકોટ, અમદાવાદ જેવી જ સુવિધા ઉપલબ્ધ.
NCT CANDOR IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી)
ડો. ચેતના મુરારકર M.B.B.S., DGO (Laparoscopic Surgeon & IVF Specialist)
ડો. જયદેવ ધામેલીયા MBDGO IVF Specialist (14 years Experience)



હવે... તમારા ઘરે પણ ગુંજશે ખુશીઓની કિલકારી...
એકમાત્ર અમરેલી જીલ્લાનુ IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)
સ્થળ: નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ | ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629, 88491 09784

# અમરેલી તાલુકા બીઆરસી ભવન દ્વારા વિશિષ્ઠ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોને એકસપ્લોઝર વિઝીટ કરાવવામાં આવી




શીક્ષણ વિભાગ દ્વારા સરકારી શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. આ કાર્યક્રમોના માધ્યમથી શાળાના બાળકોમાં રહેલ કલા, શકિત ને બહાર લાવવા તથા બાળક જે તે ક્ષેત્રમાં વધુ આગળ વધે તથા સીધ્ધી પ્રાપ્ત કરે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. શાળા કક્ષા, કલસ્ટર કક્ષા, તાલુકા કક્ષા, જીલ્લા કક્ષા આમ વિવિધ સ્તર પર આવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતુ હોય છે તથા બાળકને પ્રોત્સાહન મને તે માટે બાળકોને સન્માનીત કરવામાં આવતા હોય છે. અમરેલી તાલુકાની શાળાઓમાં પણ આવી સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવતુ હોય છે. જેમાં તાલુકા કક્ષા સુધી પહોચી તાલુકામાં ઉતકૃષ્ટ પ્રદર્શન કરનાર બાળકો માટે અમરેલી તાલુકા બી.આર.સી. ભવન દ્વારા એકસપ્લોઝર વિઝિટ નું આયોજન કરવામાં આવ્યુ હતું. તાલુકા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત કરનાર બાળકોને બી.આર.સી. ભવન દ્વારા વિના મુલ્યે પ્રવાસ કરાવવામાં આવ્યો હતો જેમાં બાળકોને ચલાલા ખાતે આવેલ ગાયત્રી શકિત પીઠની મુલાકાત લઈ બાળકો દ્વારા અહીં ઘોડેસવારીનો આનંદ લીધો હતો, ત્યાંથી બાળકોને સફારી પાર્ક આબંરડીની મુલાકાત લીધી હતી જયા બાળકોએ પાર્કમાં રહેલા સિંહ, હરણ જેવા પ્રાણીઓ નીહાળી તેના વિશે માહીતી મેળવી હતી. બાજુમાં આવેલ પવિત્ર ધામ ગળધરા ખોડીયાર માતાજી મંદીરે કર્યા હતા. બાળકો દ્વારા ચલાલા ખાતે આવેલા પવિત્ર ધામ દાનેવ ધામ ની મુલાકાત લઈ સમાધીસ્થાનના દર્શન કરી તેમના ઈતિહાસની જાણકારી મેળવી હતી. ત્યારબાદ અમરેલી નજીક ગાવડકા ગામ પાસે આવેલ ડેરી એટલે કે અમર ડેરીની બાળકો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. અહી ડેરીના સ્ટાફ દ્વારા ગામડાઓમાંથી આવતા દુધમાં કઈ રીતે પ્રોસેસ કરવામાં આવે છે તથા તેનુ કઈ રીતે પેકીંગ કરી માર્કેટમાં પહોચાડવામાં આવે છે તેના વીશે વિગતે માહિતી આપવામાં આવી હતી. આડા ઘર સુધી દુધ કઈ રીતે પહોચે છે તેના વીશે જાણીને બાળકોને ખુબ જ આનંદ થયો હતો. અહી ડેરીના સ્ટાફ દ્વારા બાળકોને છાસ પીવરાવવામાં આવી હતી. આમ અમરેલીની વીવીધ શાળાના બાળકોએ એક દિવસીય પ્રવાસ દ્વારા ગાયત્રી શકિત પીઠ, સફારી પાર્ક, દાનેવ ધામ અને અમર ડેરી જેવા સ્થળોની મુલાકાત લઈ માહિતી પ્રાપ્ત કરી હતી અને આનંદ મેળવ્યો હતો. આ તકે બાળકોની સાથે બી.આર.સી. ભવન અમરેલીનો સ્ટાફ પણ સાથે જોડાયો હતો.

### પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહનાં અધ્યક્ષસ્થાને મળેલ સંમેલનમાં

## ગોંડલ ખાતે લોકસભાનાં ઉમેદવાર રૂપાલાએ હાથ જોડીને માફી માંગી

### મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા

(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૩૦



રાષ્ટ્રીય કક્ષાના કદાવર ભારતીય જનતા પાર્ટીનાં આગેવાન અને રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ રાજકોટની એક જાહેર સભામાં સમસ્ત રાજપૂત ક્ષત્રિય સમાજને ઠેસ લાગે તેવા શબ્દો ઉચ્ચારણને કારણે ભારે વિરોધ વંટોળનો સામનો આખો ભાજપ ભોગવી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીનું શીર્ષસ્થ નેતૃત્વ કોઈપણ સંજોગોમાં ક્ષત્રીય સમાજના રોષને શાંત પાડવા એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. જેના અનુસંધાને ગોંડલનાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા દ્વારા ગોંડલ મુકામે તમામ ક્ષત્રીય રાજપુત આગેવાનની હાજરીમાં સંમેલન બોલાવ્યું હતું. જેમાં મોટાભાગે ભાજપ સાથે સંકળાયેલા રાજકીય પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો હાજર રહ્યા હતા. આ તમામનો એક જ સૂર હતો કે પરશોતમ રૂપાલા દ્વારા જયારે પોતાની ભૂલ બદલ માફી માંગી લેવામાં આવી છે ત્યારે આ મુદ્દાને રાષ્ટ્રહિતમાં અને નરેન્દ્ર મોદીને ધ્યાનમાં રાખી ભૂલી જવું જોઈએ. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ સોશ્યલ મીડિયામાં મન ફાવે તેવી પોસ્ટ મુકનારાઓને સ્પષ્ટ ચેલેન્જ આપી હતી. ક્ષત્રિય ધર્મ યાદ અપાવતા કહ્યું હતુ કે એકવાર કોઈ માફી માંગે એટલે ગમે તેવું વેર ભૂલી જનારા એટલે રાજપુત.

અસંખ્ય રાજપૂત ક્ષત્રિય સમાજના આગેવાનોની હાજરીમાં પરશોતમ રૂપાલાએ ખૂબ જ નિખાલસતાથી સમગ્ર રાજપૂત ક્ષત્રિય સમાજની બે હાથ જોડી જાહેરમાં માફી માંગી હતી. ઉપરાંત અફસોસ પણ વ્યકત કર્યો હતો કે પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન આવી ભૂલ કયારે થઈ નથી. પોતાની આ ભૂલને કારણે ભારતીય જનતા પાર્ટીને પણ ખૂબ જ શોષવુ પડયું તે બદલ દિલગીરી વ્યકત કરી હતી. હવે આ સમગ્ર પ્રકરણ ધીમે ધીમે ભાજપ તરફી ક્ષત્રિયો અને વિપક્ષ તરફી ક્ષત્રિયો વચ્ચેની લડાઈમાં ફેરવાઈ રહ્યુ હોય તેવા સંકેતો મળી રહ્યા છે..! 'અમસ્તું જ એવું કહેવાયું નથી કે રાજકારણ સગા બે ભાઈઓમાં પણ મોટી ખાઈ ઉભી કરી દે છે.'

## હરિપરા શાળા ખાતે મતદાન અંતર્ગત વાલી બેઠક યોજાઈ



અમરેલી, તા.૩૦

શ્રી હરીપરા શાળા ખાતે આજ રોજ મતદાન જાગૃતિ અંતર્ગત વાલી મીટીંગ યોજાયેલ જેમાં બહોળી સંખ્યામાં વાલીઓએ હાજરી આપેલ જેમાં ભૂતકાળમાં ગામમાં થયેલ મતદાન અંગેની પ્રાથમિક ચર્ચા. લોકશાહીમાં મતદાનનું મહત્વ, મહિલા મતદાન જાગૃતી અંગે ચર્ચા, એએમએફ અંતર્ગત ઉપલબ્ધ થનાર સુવિધા જેવી કે રેમ્પ, પીવાનું પાણી, વોશરૂમ, લાઈટ, પંખા, આકસ્મિક આરોગ્યલક્ષી સેવા માટે હેલ્થની ટીમ વગેરેની માહિતી, સિનિયર સિટિઝન અને દિવ્યાંગોને વ્હિલ્ચેરની સુવિધા ઉપલબ્ધ થનાર હોય તે અંગે, જે સિનિયર સિટિઝન પથારીવશ હોવાના કારણે મતદાન કરવા મતદાન મથક જઈ શકે તેમ ન હોય તેઓ ઘર બેઠા મતદાન કરી શકે તેવી વ્યવસ્થાનુ આયોજન કરેલ છે તેની જાણ કરવી.

પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદાતા તથા સિનિયર સિટિજન મતદાતાને જિલ્લા ચૂંટણી અધિકારીની સહિવાળો લેટર ઓફ થેન્ક્સ આપવામાં આવશે તેની જાણ કરવા બાબત, મતદાર યાદીમાં નામ છે કે કેમ, મતદાન મથક અંગેની માહિતી પુરી પાડવા, મતદાન અંગેની અન્ય કોઈ માહિતી પુરી પાડવા બીએલઓ મતદાન દિવસના ત્રણ દિવસ પહેલા મતદાન મથકે બેસનાર હોય, તે બાબત માહિતી આપવામાં આવી.

### એડવોકેટ રિષી રૂપારેલીયાની દલીલોનાં આધારે

## બાબરાનાં ઘુઘરાળા ગામે ખેતીની જમીનમાં નુકસાનીનાં વળતર અંગેનો દાવો રદ

### સ્થાનિક સિવિલ કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો

અમરેલી, તા. ૩૦

બાબરાનાં સિવિલ કોર્ટે વાદી પ્રેમજીભાઈ ડાયાભાઈએ બાબરા કોર્ટમાં ઘુઘરાળાનાં છ પ્રતિવાદીઓ વિરૂધ્ધ રૂા. ૪,૮૦,૦૦૦નો નુકસાની વળતર મેળવવા બાબરા કોર્ટમાં દાવો દાખલ કરેલ. જે અનુસંધાને બાબરા કોર્ટે પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ ઈન્સ્યુ કરતા જે પ્રતિવાદીને બજી જતા પ્રતિવાદીઓ ઘુઘરાળાના ખોડાભાઈ સામતભાઈ, ચંદ્રેશભાઈ પીઠાભાઈ, મોહનભાઈ વશરામભાઈ વિગેરે છ પ્રતિવાદી તરફે બાબરાના યુવા એડવોકેટ રિષી પ્રમોદભાઈ રૂપારેલીયા હાજર થતાં વાદીના દાવાનો પ્રતિવાદી તરફે જવાબ–વાંધા રજૂ રાખેલ અને વાદી ધ્વારા રજુ થયેલા દસ્તાવેજો અને રજુ થયેલા પુરાવા અને વાદી તરફે રજુ થયેલા જંગલ ખાતાના સાક્ષીઓની એડવોકેટ ધ્વારા જીણવટભરી ઉલટ તપાસ લઈને દાવા વિરૂધ્ધની હકીકતો બહાર લાવીને વાદીએ જે પોતાની ખેતીની જમીનમાં પ્રતિવાદીઓએ નુકસાની કરેલ તે બાબતે વળતર માંગેલ તે હકીકતોથી વિરૂધ્ધની હકીકતો રેકર્ડ ઉપર લઈ આવેલ. તેમજ પ્રતિવાદી તરફે યુવા એડવોકેટે સચોટ આધાર પુરાવા રજુ કરેલા અને આધાર પુરાવા સાથેની દલીલો રજુ કરેલ. જેના આધારે બાબરા સિવિલ કોર્ટે દાવાના તમામ રેકર્ડ, રજુ થયેલા દસ્તાવેજો અને પુરાવા અને ઉલટતપાસ ધ્યાને અને પ્રતિવાદીના એડવોકેટની દલીલો ધ્યાને લઈને અરજદાર વાદી પ્રેમજીભાઈ ડાયાભાઈએ કરેલ નુકસાની વળતરનો દાવો નામંજુર કરવામાં આવ્યો છે.

### જિલ્લામાં વિશેષ મતદાન મથકોની રચના કરવામાં આવી

## અમરેલી : જિલ્લામાં ૪૯ મતદાન મથકો મહિલા સંચાલિત હશે વિધાનસભા મતદાર વિભાગ ખાતે ૭ આદર્શ મતદાન મથક

### જિલ્લામાં યુવા કર્મચારી સંચાલિત એક યુવા મતદાન મથક રહેશે

અમરેલી તા. ૩૦

માર્ચ, ૨૦૨૪ (શનિવાર) લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત સમગ્ર જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલી છે. અમરેલી જિલ્લાની લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ યોજાશે, મતગણતરી તા. ૦૪ જૂન, ૨૦૨૪ ના રોજ થશે. ભારતના ચૂંટણી પંચના 'સુગમ ચૂંટણી'ના અભિગમને ચરિતાર્થ કરવા માટે જિલ્લામાં વિશેષ મતદાન મથકોની રચના કરવામાં આવશે. વિધાનસભા મતદાર વિભાગ ખાતે એક–એક એમ અમરેલી જિલ્લામાં પી.ડબલ્યું.ડી. (દિવ્યાંગ) સંચાલિત ૦૭ મતદાન મથકની રચના થશે, જેમાં સિકયુરિટી સ્ટાફ સિવાયના તમામ કર્મચારીઓ દિવ્યાંગ રહેશે. વિધાનસભા મતદાર વિભાગ ખાતે ૭ એ રીતે જિલ્લામાં ૪૯ મતદાન મથકો મહિલા સંચાલિત હશે, જયાં પોલિંગ સ્ટાફ તરીકે મહિલા અધિકારી–કર્મચારીઓ ચૂંટણી ફરજ બજાવશે. દરેક વિધાનસભા મતદાર વિભાગ ખાતે એક–એક, ૦૭ આદર્શ (મોડેલ) મતદાન મથક બનાવવામાં આવશે. જિલ્લામાં યુવા કર્મચારી સંચાલિત એક યુવા મતદાન મથક રહેશે.

વિશેષ મતદાન મથકો બનાવવાનો હેતુ ચૂંટણી પ્રક્રિયામાં, મહિલાઓ, દિવ્યાંગ અને યુવાઓની ભાગીદારી વધારવાનો છે.

## મોટા ઉજળામાં વૃધ્ધાને લાકડીની ભેટ આપતા મિસ્ત્રી



અમરેલી, તા. ૩૦

સેવાકીય પ્રવૃત્તિઓ કરનારા સેવાભાવીઓ કોઈપણ પ્રકારે સેવાકીય હેતુ શોધી કાઢતા હોય છે. કુંકાવાવ તાલુકાના મોટા ઉજળા ગામના દલસુખભાઈ રામજીભાઈ ધારૈયાએ ધુળેટીના પર્વ ઉપર ગામમાં વૃધ્ધાઓને લાકડીઓનું વિતરણ કર્યુ હતુ. વસ્તુની કિંમત સામાન્ય છે પરંતુ વૃદ્ધ માણસો માટે ખરેખર આધાર સ્થંભ સમાન છે. આવી જીણવટભરી સેવા બદલ વડીલો મનોમન આશીર્વાદ આપી રહયા છે.

## રાજુલા : પેસેન્ટર શાળા નંબર–૨ ખાતે ચકલીના માળા વિતરણ



રાજુલા, તા. ૩૦

રાજુલા પેસેન્ટર શાળા નંબર–૨ વોરાવાડ ખાતે આજરોજ પ્રકૃતિ નેચર કલબ રાજુલા, કોડીનાર અને વડોદરા આ ત્રણ શહેરોમાં ચાલતી વાઈલ્ડ લાઈફ અને નેચર પ્રેમી તરીકે પર્યાવરણનું જતન કરતી આ સંસ્થાએ આ આયોજન કરેલું અને આજે આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવેલી. જેમાં કુલ ૬૦૦૦ ચકલીના માળાના વિતરણના ભાગરૂપે રાજુલા પેસેન્ટર શાળા નંબર–૨ ખાતે આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલી જેમાં બહોળી સંખ્યા માં આમંત્રિત મહેમાનો ખાસ ઉપસ્થિત રહેલા. જેમાં ખાસ મહેમાનમાં કોડીનારના પ્રમુખ દિનેશભાઈ ગોસ્વામી, ઉપપ્રમુખ જીગ્નેશભાઈ ગોહિલ, રાજુલાના પ્રમુખ પંકજભાઈ મેર, ઉપપ્રમુખ સુરેશભાઈ સોની સાથે પી.જી.વી.સી.એલ.ના અધિકારી શિયાળ તેમજ પર્યાવરણપ્રેમી વિનુભાઈ શ્રીરામ તેમજ ભેરાઈથી કથડભાઈ, રામ આચાર્ય, પટેલ તેમજ રાજુલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સહિત આ કાર્યક્રમને દિપાવવા માટે ખાસ ઉપસ્થિત રહેલા. અને આ કાર્યક્રમમાં રાજુલા પ્રકૃતિ નેચર કલબ દ્વારા બાળકોને અલ્પાહાર અને આમંત્રિત મહેમાનોને ફુલહાર સાથે મોમેન્ટો આપીને સ્વાગત કરવામાં આવેલું. અત્રે ઉલ્લેખનીય બાબત છે કે આ અગાઉ પણ આ સંસ્થા દ્વારા તારીખ ૩૧/૩/૨૦૨૩ ના રોજ આ જ જગ્યા એટલે કે પેસેન્ટર શાળા નંબર–૨ ખાતે કાર્યક્રમ કરવામાં આવેલો ત્યારે પણ ભવ્યથી ભવ્ય રીતે આવો કાર્યક્રમ યોજાયેલો. આજના કાર્યક્રમમાં આવેલા મહેમાનો દ્વારા ચકલી બચાવો બાબતે ખાસ બાળકોને તેમજ આમંત્રિત મહેમાનોને આ બાબતે જાગૃત કરવામાં આવેલા. અંતમાં પંકજભાઈ મેર તેમજ સુરેશભાઈ સોની એ તમામ લોકોએ ખાસ હાજરી આપી તે બદલ તમામનો આભાર વ્યકત કરેલો સાથે સાથે સમગ્ર કાર્યક્રમને ડુંગર પ્રિન્સિપાલ પ્રવિણભાઈ ગોહિલે બિરદાવી ફોનથી શુભેચ્છા પાઠવેલ.

# સાવરકુંડલાના મંદિરો અને સંત શિરોમણીના આર્શીવાદ મેળવતા ભાજપ ઉમેદવાર ભરત સુતરીયા



અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા આજે સાવરકુંડલાના આંગણે પધારીને અલગ અલગ મંદિરોના દર્શન કરીને સંત શિરોમણીના આશીર્વાદ મેળવ્યા હતા આ તકે ધારાસભ્ય મહેશ કસવાળાના માર્ગદર્શન તળે ભાજપના પદાધિકારીઓ સંગાથે રહીને સાવરકુંડલા ના રિદ્ધિ સિદ્ધિ મંદિરે દર્શન કર્યા હતા ને નાવલી નદીમાં ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાનું ફટાકડા ફોડીને સ્વાગત કરવામાં આવ્યું હતું ને બાદ માનવ મંદિર આશ્રમ ખાતે સંત શિરોમણી ભક્તિરામબાપુના આશીર્વાદ મેળવ્યા હતા. સાથે નિર્દોષાનંદ આશ્રમ, બાઢડા સનાતન આશ્રમની મુલાકાત કરીને આશીર્વાદ મેળવ્યા હતા અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા સાથે જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદ પંડ્યા , તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, પાલિકાના પૂર્વ પ્રમુખ કેશુભાઈ વાઘેલા, મહામંત્રી વિજયસિંહ વાઘેલા સહિતના સંગઠનના હોદેદારો ખાસ ઉપસ્થિત રહયા હતા.

આમ આદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના



વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

સચોટ-સટીક સાતત્યસભર દૈનિક

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


ફાલ્કન વેલ્ફેર ફાઉન્ડેશનનાં સહયોગથી

# રાજકોટ : વાવડી ખાતે ડાયાબિટિસ કિટનું જરૂરીયાતમંદ બાળકોને વિતરણ

## જુવેનાઈલ ડાયાબિટિસ ફાઉન્ડેશનનું આયોજન



અમરેલી, તા. ૩૦

ફાલ્કન પમ્પસ પ્રા. લી. – વાવડી મુકામે એક પ્રેરણાત્મક અને માનવ સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞમાં ફાલ્કન પરિવારનાં ચેરમેન એન્ડ મેનેજીંગ ડિરેકટર ધીરજલાલ સુવાગીયા તથા એકઝીકયુટીવ ડિરેકટર કમલ નયન સોજીત્રા, ટેકનીકલ ડિરેકટર ભાર્ગભાઈ સુવાગીયા તથા યુવા ડિરેકટર કરણભાઈ સોજીત્રા સાથે જુવેનાઈલ ડાયાબીટીશ ફાઉન્ડેશન – રાજકોટના મેનેજીંગ ટ્રસ્ટી અપુલભાઈ દોશી, સંસ્થાના ટ્રસ્ટીગણ તથા ટાઈપ – ૧ ડાયાબીશગ્રસ્ત બાળકો અને તેમના પરીવારના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

જુવેનાઈલ ડાયાબીટીશ ફાઉન્ડેશન–રાજકોટ અને ફાલ્કન વેલફેર ફાઉન્ડેશનના સહયોગથી ટાઈપ–૧ ડાયાબીટીશમાં આવશ્યક ડાયાબીટીશ કીટ (ઈન્સ્યુલીન કીટ)નું જરૂરીયાતમંદ બાળકોને નિઃશુલ્ક વીતરણ કરવામાં આવ્યું, હાલ જેડીએફ સંસ્થામાં ૨૦૦૦ દર્દીઓ છે જેમા ૨ વર્ષના ઘણાં બાળકો છે જે ઓટો ઈમ્યુન રોગથી પિડાય છે. આ તકે જુવેનાઈલ ડાયાબીટીશ ફાઉન્ડેશન – રાજકોટના મેનેજીંગ ટ્રસ્ટી અપુલભાઈ દોશી એ કંપની સ્ટાફ, બાળકોના વાલીઓ તથા ઉપસ્થીત દરેક પરીવારને વ્યસન મુકતી અને ટાઈપ–૧ ડાયાબીટીશ, બાળકોમાં થતા આ પ્રકારના રોગની વિશેષ સમજણ તથા આવા રોગને કઈ રીતે કયોર કરવો તેના વિશે ઉપયોગી માહીતી આપી હતી.માનવસેવા પરમોધર્મ એવા સેવાસુત્ર સાથે સૌરાષ્ટ્રનાં તમામ લોકોને ફાલ્કન ફાઉન્ડેશન દ્વારા અપીલ કરવામાં આવે છે કે આપનું ધન આ ફાઉન્ડશનને આપી અને ઉણપ સાથે જીવતા નાના બાળકોને સંજીવની બુટી સમાન ઈન્સ્યુલીન કીટ સ્વરૂપે સહયોગ આપશો.

ટાઈપ–૧ બાળકોને આજીવન દિવસ દરમ્યાન ૩ થી ૫ વખત ઈન્સ્યુલીન ઈન્જેકશન લેવું પડે છે, તેમજ દિવસમાં ૩ થી ૪ વખત ડાયાબીટીશ ચેક કરવું પડે છે અને આહારમાં પણ ઘણી બધી કાળજી લેવી પડતી હોય છે, આટલુ કરવાથી ડાયાબીટીશગ્રસ્ત બાળક સારું જીવન જીવી શકે. ઉણપની સાથે ભગવાને આપેલી ક્ષમતા વિકસીત કરવા આપને પણ આ અભિયાનમાં જોડવા અપીલ છે.

# રાજુલા : આજે ગુજકેટ પરીક્ષાને ધ્યાનમાં લઈને એસ.ટી. દ્વારા બે બસનું એક્સ્ટ્રા સંચાલન

રાજલા, તા. ૩૦

ગુજકેટ પરીક્ષાને ધ્યાનમાં લઈને રાજુલા એસટી ડેપો મેનેજર દ્વારા બે બસની એક્સ્ટ્રા વ્યવસ્થા કરવામાં આવેલ છે.

જાણવા મળતી વિગત મુજબ તારીખ ૩૧/૩/૨૦૨૪ નાં રોજ અમરેલી મુકામે ગુજકેટની પરીક્ષા હોય અને ત્યારે આ વિસ્તારના વિદ્યાર્થીઓને અમરેલી પરીક્ષા દેવા જવાનું હોય ત્યારે આ બાબતે વિભાગ નિયામક ધામાની સૂચનાથી રાજુલા એસટી ડેપો મેનેજર દ્વારા બે એક્સ્ટ્રા બસનું સંચાલન કરવામાં આવશે જેમાં એક બસ રાજુલાથી સવારે ૬.૦૦ કલાકે અમરેલી જવા માટે ઉપડશે અને તે બસ વાયા વીજપડી ચાલશે જયારે બીજી બસ જાફરાબાદથી સવારે ૬.૦૦ કલાકે અમરેલી જવા માટે ઉપડશે છે જે વાયા રાજુલા થોરડી આંબરડી સાવરકુંડલા થઈ અમરેલી જશે.

# રાજુલા સરકારી હોસ્પિટલનાં એમ્બ્યુલન્સનાં ડ્રાઈવર નિવૃત્ત થતાં વિદાય આપવામાં આવી



રાજુલા, તા. ૩૦

રાજુલા સરકારી હોસ્પિટલમાં છેલ્લા ૨૧ વર્ષથી નિયમિત રીતે નોકરી કરતા એવા અશોકભાઈ બી. ગોહિલ વયમર્યાદાના કારણે તારીખ ૩૧/૩/૨૦૨૪ નાં નિવૃત્ત થવા જઈ રહ્યા હતા. ત્યારે ૩૧/૩/૨૦૪ ને રવિવાર હોય ત્યારે આજે તારીખ ૩૦/૩/૨૦૨૪ પોતાની ફરજ પુરી કર્યા બાદ આજે રાજુલા સરકારી હોસ્પિટલના અધિકારીઓ દ્વારા તેમને માનભેર વિદાય આપવામાં આવી. ત્યારે ઉલ્લેખનીય બાબતે છે કે સતત ૨૧ વર્ષથી રાજુલાના જ રહેવાસી એવા અને રાજુલા મારૂં વતન છે, મારૂં ગામ છે તેવું ગણીને સતત ૨૧ વર્ષથી રાજુલા શહેરમાં આ હોસ્પિટલમાં નોકરીની સાથે એક વિશેષ સેવા આપી રહ્યા હતા. ત્યારે તેમણે જણાવ્યું કે નોકરી તો મારી એક ફરજનો ભાગ છે પરંતુ હું રાજુલાનો છું અને રાજુલાના તેમજ આસપાસનાં આવતા તમામ દર્દી સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો જયારે સરકારી હોસ્પિટલમાં સારવાર લેવા આવતા હોય ત્યારે તેમને નજીકના સેન્ટરોમાં સારવાર લેવા જવું પડે ત્યારે દિવસ હોય કે રાત ત્યારે આ સારવાર લેવા આવેલ દર્દીને કેવી રીતે મદદરૂપ થવું તે જ અમારૂ કામ અને ખાસ વાવાઝોડું અને કોરોનાના સમયમાં દિવસ રાત જોયા વગર પોતાના પરિવારની ચિંતા કર્યા વગર તેમણે દર્દીઓને પોતાના જાનના જોખમે નજીકના સેન્ટરોમાં રીફર કરેલ. ત્યારે આવા આ એમ્બ્યુલન્સના ડ્રાઈવર અશોકભાઈ આજે નિવૃત્ત થઈ રહ્યા હોય ત્યારે આ હોસ્પિટલના અધિક્ષક ડોકટર હરેશ જેઠવા તેમજ આર.એમ.ઓ. શકિતરાજ ખુમાણ, ડોકટર વિનુભાઈ કલસરિયા, ડોકટર મુકેશભાઈ બલદાણીયા તેમજ તેમના અંગત મિત્ર પરેશભાઈ દેવેરા સહિતના તમામ લોકો તેમની આજે એમ્બ્યુલન્સમાં તેઓ નોકરી કરતા હતા તેમાં બેસી અને સમગ્ર સ્ટાફ તેમને ઘર સુધી મૂકવા ગયેલા અને રાજુલા સરકારી હોસ્પિટલના સમગ્ર સ્ટાફે આજે વિદાયના સમયે શુભેચ્છા સાથે ભાવવિભોર થઈ અને વિદાય આપી.

લોકસભાની ચૂંટણીનો પ્રચાર શરૂ

# સાવરકુંડલાનાં જીરા અને સીમરણ ગામે ભાજપનાં ઉમેદવારનું સ્વાગત

## વિજેતા થવા ગામજનોએ શુભકામના પાઠવી





સાવરકુંડલા, તા. ૩૦

આજરોજ જીરા, સીમરણ બંને ગામનાં લોકોએ ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને અભિનંદન આપ્યા. જીરા ગ્રામ પંચાયત સપરંત શ્રીમતી દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયા તથા ઉપસરપંચ રમેશભાઈ રૈયાભાઈ શેખડા તથા સભ્ય કમળાબેન દેવશનભાઈ ચોડવડીયા તથા સભ્ય રેખાબેન દિનેશભાઈ વાવડીયા, દક્ષાબેન નીતિનભાઈ ઝાલાવાડીયા, ગોવિંદભાઈ રૂડાભાઈ ચોપડા તથા ગામની મહિલાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ સરપંચ સુરેશભાઈ ખોડાભાઈ સાવજ, તાલુકા પૂર્વ પ્રમુખ ચીમનભાઈ મધુભાઈ શેડા, સીમરણનાં પૂર્વ સરપંચ ભાનુભાઈ સોજીત્રા, પૂર્વ ઉપસરપંચ ભરતભાઈ કનુભાઈ ચોડવડીયા, કિશોરભાઈ સોજીત્રા, કરજાળા સરપંચ કમલેશભાઈ, નેસડી સરપંચ કરશનભાઈ, આગેવાનોએ મત વિસ્તારના ભાજપનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને શુભેચ્છા મુલાકાત પાઠવી હતી.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક


* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...

(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ

સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨



શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
માર્ચ ધમાકા ઓફર
લીમીટેડ સ્ટોક ઉપલબ્ધ....
૨૦૨૩ ના મોડલ પર ભવ્ય ધમાકા ઓફર..
CELERIO

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999




Hero
Go BIG Go XOOM


Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

**પ્રકરણ-૧૭૮**

'મધુવન મે રાધિકા નાચે રે
.. ગિરધર કી મુરલીયા બાજે રે
દોસિતારોકા ઝમી પર હૈ.
મિલન.. આજ કી રાત.. આજ કી રાત




**પ્રિય વાચક મિત્રો ,**

લોકસભાની ચૂટણીઓ જાહેર થઈ છે, અને રાજકીય કાવાદાવા શરૂ થઈ ગયા છે, તેવી જ કહાની લઈ. રાજા મહારાજા ના સમયની વાત લઈ આ ફિલ્મ આવી છે, જેમાં રાજકીય કાવાદાવા જોવા મળશે, કહવાનુ એટલું જ છે કે રાજકીય રમત એ વર્ષોથી ચાલી આવતી પરંપરા છે, જે આજે પણ ચાલુ જ છે.

ભારતીય ફિલ્મ અને ખાસ કરી હિન્દી સિનેમા ના નાયકને અશોકકુમારે નવો લુક આપ્યો, નાયકને ખલનાયક પણ બનાવ્યો, દિલિપ કુમારે ફિલ્મ 'આઝાદ' દ્વારા નાયકને લડાયક બનાવ્યો, પણ હજુ હિન્દી સિનેમા નો નાયક ખલનાયકની સાપેક્ષમાં ઉણો ઉતોરતો હતો, ખલ નાયક નાયક પર ભારે પડતો હતો, નાયક એક સાથે વધુ લોકોથી ડરી જતો હતો, અને હાર માની લેતો હતો , હા. અંતે જીત હમેશા સત્યની જ થતી હતી, પણ નાયક લડાયક ના હતો. હોલીવુડનો નાયક જેમ્સ બોન્ડ બની ગયો હતો, જયારે હિન્દી સિનેમાનો નાયક ખલ નાયક કરતાં થોડો નબળો હતો. ૧૯૬૦ ના દસક થી રાજ કપૂર પણ ફાઈટસ કરતાં જોવા મળ્યા છે. દેવ સાહેબ ક્રાઈમ અને થ્રીલર ફિલ્મો આપી રહ્યા છે, તે સમયે ટ્રેજેડી કિંગ દિલિપકુમાર અને ટ્રેજેડી કિવનમીના કુમારીએ આ ફિલ્મમાં દર્શકોને હસાવ્યા છે, ગીતો સાથે ઝૂમતા કર્યા છે, અને દિલિપકુમાર એક લડાયક નાયકના રૂપમાં જોવા મળ્યા છે, જે એક સાથે અનેક ગુંડાઓ સાથે લડાઈ કરી રહ્યા છે, પાણીની અંદર લડાઈના દ્રશ્યો પણ આ ફિલ્મમાં જોવા મળશે.

હિન્દી સિનેમામાં આજ સુધી મોટા ભાગની ફિલ્મોમાં કોઈ ના કોઈ સામાજિક સંદેશ જોવા મળતો હતો, ફિલ્મ સમાજના કોઈ પણ મુંજવતા પ્રશ્નો લઈ આવતી હતી, અને સમાજને કોઈ સંદેશ આપતી હતી. ૧૯૬૦ ના દસકથી હિન્દી સિનેમા માત્ર મનોરંજનના રૂપે વધુ જોવા મળશે, જેમાં પ્રેમ કહાની, ક્રાઈમ સ્ટોરી, હોરર કહાની, ભૂત પ્રેતની કહાની, સસ્પેન્સ કહાની અને ફાઈટસથી ભરપૂર ફિલ્મો હવે આવી રહી છે, જેમાં કોઈ ફિલ્મમાં સામાજિક સંદેશ હશે, પણ તેને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે નહી, પણ મનોરંજનને ઉજાગર કરવામાં આવશે. રાજ કપૂર સાહેબ પણ આગામી વર્ષોમાં જે ફિલ્મો બનાવશે તેમાં મનોરંજન મુખ્ય હશે, આ વર્ષની જિસ દેશ મે ગંગા બેહતી હૈ જે ડાકુઓના આત્મ સમર્પણ પર આધારિત હતી, તેવી ફિલ્મો હવે તેઓ બનાવશે નહીં, ફિલ્મમાં સંદેશ જરૂર હશે પણ અગાઉ કહ્યા મુજબ મનોરંજનનું મહત્વ વધુ રેહશે. ભારતીય દર્શકો પણ આવી જ ફિલ્મોને સફળતા આપતા જોવા મળશે. આગામી સમયમાં દેશની સમશ્યા વિષે ફિલ્મ બનશે પણ તેમાંની મોટા ભાગની ફિલ્મો સફળ નહીં થાય. કયારેક એવું પણ બનશે કે સમાજ લક્ષી ફિલ્મોને વિતરક મળવા પણ મુશ્કેલ બનશે.

હિન્દી સિનેમાના નાયકની છબી બદલતી ફિલ્મ એટલે કોહિનૂર અહી કોઈ કોહિનૂર હીરાની વાત નથી, પણ રાજકીય કાવાદાવાથી ભરપૂર એક


## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

પ્રણય કથા અને સંગીતમયની સાથે ફાઈટસ, હાસ્યથી ભરપૂર ફિલ્મ છે. આ ફિલ્મના દ્રશ્યોનું આગળ જતાં અન્ય હિન્દી સિનેમાના કલાકારો અને નિર્દેશક અનુકરણ કરશે, જેમ કે અહી, દિલિપકુમાર અને જીવન એક અરીસા સામે કોમેડી દ્રશ્ય ભજવે છે, જે આગળ જતાં સુપર સ્ટાર અમિતાભની ફિલ્મ મર્દમાં સંપૂર્ણ રીતે આજ રીતે ફિલ્મ વાયું છે. અમુક સંવાદ આગળ જતાં ઘણી હિન્દી સિનેમા માં સાંભળવા મળશે, જે આ ફિલ્મમાં સમાવાયા છે.

**કોહિનૂર** –
વી.એન.સિંહાના નિર્માણમાં, એસ. યુ. સનીના નિર્દેશનમાં, મુસા મન્સૂરનું અડિટિંગ, શકીલ બદાયુની ના ગીતો અને નૌસાદ ના મધુર સંગીત સાથે, દિલિપકુમાર, મીનાકુમારી, મુકરી, લીલા ચિટનીસ, બીના, અઝીમ, રાજા કપૂર, નાઝીર, કુમાર, નિસાર, એમ વાય શેખ, ટૂન ટૂન, કુમકુમ, અને જીવનથી અભિનીત આ ફિલ્મ ૧૯૬૦ ના વર્ષની ત્રીજા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ હતી. (ખુલતો છગડિયો કા!સ) અહી ગત અંક ની ફિલ્મ' જિસ દેશ મે ગંગા બેહતી હૈ' એ ત્રીજા નહીં પણ બીજા નંબરની ફિલ્મ ગણવી (બંધ થતો છગડિયો કા!સ) આ ફિલ્મે ભારતમાં દોઢ કરોડનો વેપાર તે સમયે કર્યો હતો , જે આજના સમયમાં ગણીએ તો કેટલો થાય ? તે તમે સમજી શકો છો, પચીસ વીક ત્રણ શો માં ફિલ્મ ચાલતી હતી, ટિકિટના દર ઓછા હતા, ત્યારે દોઢ કરોડનો વેપાર કરવો. અને આજે ત્રણ વીક ચાલે અને ત્રણસો કરોડનો વેપાર બતાવી ફિલ્મને સુપર હિટ ગણી લેવાય છે. જે ફિલ્મનું કથળતું ભવિષ્ય દેખાય છે.ફિલ્મની કહાની મુજબ. દિલિપ એક રાજ કુમાર છે, પણ તેના માતા પિતા હયાત નથી, રાજયના દીવાન અને તેની પત્ની લીલા તેને પોતાના બાળક સમજી યુવાન બનાવે છે, દિલિપ યુવાન ના થાય ત્યાં સુધી દીવાન રાજયનો કારોબાર એક રાજાની જેમ સંભાળે છે, પણ દિલિપ યુવાન થતાં





આ રાજય આપવું તેને પસંદ નથી, બીજી તરફ બીજા રાજયની રાજ કુમારી મીના સાથે દિલિપ ના લગ્ન કરી રાજય તેને સોપી દેવાનું છે, તે જાણ્યા બાદ દીવાન દિલિપને મારવા પ્રયત્ન કરે છે, દિલિપ તેને અને તેના પરિવાર ને પોતાનો પરિવાર સમજતો હોય રાજય દીવાનને આપી જતો રહે છે. મીના દિલિપને મળવા લશ્કરી કાફિલા સાથે નીકળી છે, મીના ના પિતા રાજા બીમાર છે, પણ સેનાપતિ જીવન કારોબાર ચલાવે છે, જીવન મીના સાથે લગ્ન કરી રાજયનો રાજા બનવા માંગે છે, બીજી તરફ તસવીરથી એકબીજાને ઓળખતા દિલિપ અને મીના મળે છે, અને પ્રણયમાં બંધાઈ જાય છે. જીવન મીના અને દિલિપને પરેશાન કરતો રહે છે, અને મીના ને કેદ કરી લે છે, દિલિપ એક નદીમાં મૃત્યુ પામ્યો છે, તેમ માની લે છે, સાથે મીનાના પિતાની મીનાની સામે જ હત્યા કરી રાજા બની જાય છે. દિલિપને એક નર્તકી કુમકુમ બચાવી લે છે, જે એક સ્પર્ધામાં તેનાથી હારી ચૂકી છે, સાથે દિલ પણ હારી ચૂકી છે. દિલિપ મીનાને બચાવવા જીવનને ત્યાં વેશ પલટો કરી જાય છે, પણ તેને પણ જીવન કેદ કરી લે છે. કુમકુમ તેના સાથી મુકરી દ્વારા દીવાનના પુત્ર અને દિલિપના મિત્રને મળી ત્યાં ચડાઈ કરે છે, ભીષણ યુદ્ધ થાય છે, જેમાં દિલિપ જીવનને મારી રાજય અને મીના ને પ્રાપ્ત કરે છે, સાથે દીવાનને તેનો જ પુત્ર બંધી બનાવી તેનું રાજય દિલિપને સુપ્રત કરે છે. કુમકુમ પ્રેમને ઉજાગર કરી ઉજવળ થઈ જાય છે. ફિલ્મમાં પ્રણય કથા, ત્રિકોણ પ્રેમ, લડાઈ, હાસ્ય જેવા તમામ પાસા આ નો સમાવેશ કરાયો હતો, જે માત્રને માત્ર મનોરંજક ફિલ્મ રહી હતી. ફિલ્મના ગીતો રફી સાહેબ, લતાજી અને આશાજીના સ્વરમાં રચાયા હતા, અહી ઉલ્લેખ કરૂં કે લતાજી જે ગાયકો માટે રોયલ્ટી ની લડાઈ લડી રહ્યા હતા, તેમાં તેમનો વિજય થયો હતો, અને ત્યારબાદ રફી સાહેબે લતાજી સાથે સમાધાન કર્યુ હતું અને તેમના આ કાર્યને બિરદાવયું હતું, અને ત્યારબાદ લતાજી રફી સાહેબ સાથે ગીતો ગાવા રાજી થયા હતા. જે આશરે ત્રણ વર્ષ ઉપરના સમય બાદ રફી સાહેબ અને લતાજી ૧૯૬૦ ના સમયથી સાથે સાંભળવા મળ્યા હતા. ફિલ્મમાં દસ ગીતો હતા, જેમાં રફી સાહેબ અને નિયાઝ અહેમેદના સ્વર માં મધુવન મે રાધિકા નાચે રે . ગિરધર કી મુરલીયા બાજે રે .. આજે પણ રફી સાહેબના યાદગાર અને શાસ્ત્રીય ગીતો પૈકીનું એક છે. તો લતાજી અને રફી સાહેબના યુગલ સ્વર માં દો સિતારો કા ઝમી પર હૈ મિલન આજ કી રાત, અને કોઈ પ્યાર કી દેખે જાદુગરી તેમના કર્ણપ્રિય ગીતો પૈકીના એક છે. તન રંગ લે. મન રંગ લે.. હોળી ગીત પણ યાદગાર હોળી ગીતો પૈકીનું એક છે. લતા જીના સ્વરમાં દિલ મે બજી પ્યાર કી શહેનિયાઈ...યે કયાં ઝીંદગી હૈ.. યાદગાર ગીતો પૈકી ના છે.હવે વાત કરીશું આ વર્ષની પ્રથમ નંબરની ફિલ્મની જે આજે પણ હિન્દી સિનેમાની યાદગાર ૧૦૦ ફિલ્મોમાં સમાવિષ્ટ છે. અભિનેત્રી મધુબાલાની આ ફિલ્મ દિલિપ અને મધુબાલાના કથિત પ્રણય પ્રકરણ બાદની ફિલ્મ છે, અને દિલિપ અને મધુબાલાની સાથે જોવા મળતી છેલ્લી ફિલ્મ છે. મધુબાલાએ ૧૯૬૦ ના સમયમાં અભિનેતા અને ગાયક કિશોર કુમાર સાથે લગ્ન કરી લીધા છે, પણ તેમનું સ્વાસ્થય બરાબર રહતું ના હતું. ફિલ્મનું નામ તો તમને હોઠે આવી જ ગયું હશે. પણ મધુબાલાના નિજી જીવનમાં જેમ તેઓ દિલિપને મેળવી ના શકયા તે આ ફિલ્મમાં પણ ફિલ્મવાયું છે, અને તેથી જ દિલિપ અને મધુબાલાએ આ ફિલ્મને ફિલ્મ નહીં પણ આત્મ કથા સમજી અભિનય કરેલ છે, જે વર્ણવી શકાશે નહી, તેવી હિન્દી સિનેમાની યાદગાર ફિલ્મ સાથે આગામી અંક માં મળીશું. આભાર. હિતેશ જોશી.

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

## ઋતુ મુજબ ના ફળો ખાવ અને હેલ્થી રહો

**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**



થોડા દિવસ પહેલા હું એક સ્પોટર્સ ટુર્નામેન્ટમાં વડોદરા ગયો હતો. મારો લંગોટીયો




અમરેલીનો મિત્ર ત્યા સ્થાયી થયેલો છે તેને મળવા ગયો, મિત્ર



વડોદરામાં ખુબ વેલસેટ છે, અમે બન્ને બજારમાં ફરતા હતા મિત્રએ તેના પત્નિને ફોન કરી પુછયુ કાંઈ બજારમાંથી લાવવું છે ? એટલે ભાભીએ કહ્યુ હા કેલીફોર્નીયા એપલ, કીવી, ડ્રેગન ફ્રુટ લેતા આવજો, અમે ફ્રુટ માર્કેટમાં ગયા તો સક્કરટેટી અને તરબુચ ખુબ સરસ અને સસ્તા (૩૦ ના કિલો) હતા, અને ભાભીએ મંગાવેલ ફ્રુટ લગભગ ૪૦૦ ના કિ.ગ્રા. હતા, મે




મિત્રને કહ્યુ કે આ સીઝન (ગરમી ) માં તરબુચ અને સક્કરટેટી ખાવા જોઈએ, તુ આવા વિદેશી – મોઘા અને આ ઋતુમાં ઉપયોગી ન હોય તેવા ફ્રુટ શુ કામ લે છો? મને કહે અમે તો આવા ઈમ્પોર્ટ (વિદેશથી આવેલા ) કરેલા જ ફ્રુટ લઈએ છીએ, આ બધા લોકલ ફ્રુટસ તો દવા વાળા અને ઈન્જેકશન મારેલા હોય ! મે કહ્યુ કે ૩૦ રૂપિયે કિલો વહેચાતાં ફ્રુટને જો ઈન્જેકશન મારે તો વહેચવાવાળાને પાછળ શું નફો વધે ? સોશીયલ મીડીયામાં હમણા એક મેસેજ ફરે છે કે ફ્રુટસ (તરબુચમાં) માં એઈડસ સંક્રમિત ઈન્જેકશન મારેલા હોય છે એટલે આવા ફ્રુટસનો ખાવા, આવા મેસેજ ને આપણે પણ જાણે – અજાણે ફોરવર્ડ કરી દેતા હોઈએ છીએ અને સોશીયલ મીડીયાની કાલ્પનીક દુનીયાને જ સાચું માનવાવાળા પાછો તરત જ આનો અમલ અને પ્રચાર પણ શરૂ કરી દેતા હોય છે, મિત્રો એઈડસના વાયરસને જીવતા ખાઈ જઈએ તો પણ આપણને એઈડસનો થાય એ આપણે સમજવું જોઈએ થોડા વર્ષો પહેલા સિવીલ હોસ્પીટલમાં ટ્રૈઈની લેબોરેટરી ટેકનીશ્યન ESRનો રીપોર્ટ કરવા એની પાતળી કાચની ટયુબ આવે (હવે આ રીપોર્ટ આ રીતે નથી થતો) જેમાં દર્દીનું બ્લડ આ પતળી નળીથી મોઢા વડે ચુંસી અને રીપોર્ટ માટે તેના સ્ટેન્ડમાં મુકવાનું હોય તેમાં ભુલથી એઈડસ સંક્રમીત દર્દીનું લોહી મોઢામાં જતુ રહ્યુ અને ગળી ગયો તો પણ તે ટ્રૈઈની લેબોરેટરી ટેકનીશ્યન એઈડસથી સંક્રમિત નહોતા થયા.માટે પુરી જાણકારી વગર જો આવા મેસેજ આવે તો તેને બ્લોક કરવા જોઈએ.

ઘર કી મુરગી દાલ





બરાબરની જેમ આપણને આપણી કોઈપણ બાબતની કિંમત નથી, આ જ વસ્તુ જો વિદેશી વાપરશે તો આપણે હોશે – હોશે ખાસુ.

આપણે ખુબ સહેલાઈથી અંજાઈ જવાવાળી પ્રજા છીએ, વિદેશી ફ્રુટને નેટ (સોશીયલ મીડીયા) ઉપર સર્ચ કરી તેની ન્યુટ્રીશન વેલ્યુ કેટલી છે ? તેવી બધી સાવ જ ખોટી માહીતી ભેગી કરી અને વિદેશી ફ્રુટસ ખાઈએ છીએ પણ ઋતુ મુજબના ઉપયોગી – સાવ સસ્તા અને આપણને બધી રીતે સાત્મ્ય ફળ – ફળાદી આપણે નથી ખાતા, આપણા પ્રદેશમાં ઉગતા ફળ – ફળાદી ખાવાથી આપણને તો ફાયદો થશે જ, સાથે આપણા ખેડુતોને ફાયદો થશે, આપણું હુંડીયામાણ આપણી પાસે જ સચવાશે.

ઋતુ મુજબના ફળો ખાવાથી આપણને ભરપુર પોષણ અને તે ઋતુ સામે રક્ષણ આપશે, આ તરબુચ અને સક્કરટેટી સસ્તા મળતા હોવાથી આપણને તેની કિંમત નથી, પણ આ ઋતુમાં ખુબ ઉપયોગી છે, હું મારૂ ઉદાહરણ જ આપુ તો પહેલા હું તરબુચ કે સક્કરટેટી ખાતો તો મને પીત થાતું હોય તેવું લાગતુ, પણ આ વખતે અમે સાંજે જમવામા ફક્ત ખીચડી કે થુલી જ (હળવો ખોરાક) ખાઈએ છીએ અને રાત્રે તરબુચ કે સક્કકરટેટી ખાઈએ છીએ તો ખુબ જ સારૂ રહે છે, પેટ પણ સાવ હળવું રહે છે.ચૈત્ર વદ અગિયારસ ને વરૂથિની એકાદશી કહેવાય છે
આ એકાદશીના પૌરાણિક કથાનકમાં કોઈ એક રાજા નદી કિનારે.તપસ્યામાં રત હોય છે ત્યારે રીંછ એના પગને ખાવા લાગે છે. રાજા તપસ્યામાં હોવાથી અસમજસમાં હોય છે. હિંસા કરવી નહી એમ વિચાર છે. રીંછ એને જગલમાં ખેંચી જવા લાગે છે. ત્યારે એ રાજા સહાય માટે શ્રી હરિને સ્મરે છે અને પછી રાજા તો બચી જાય છે પણ પગને ખોઈ બેસવાથી દુ:ખી થયેલ હોય છે, ભગવાનના આદેશથી મથુરામાં જઈને પ્રભુની શ્રી વરાહ અવતારની પુજન ઉપાસનાં કરવાથી પુન: સ્વસ્થ પગ પ્રાપ્ત કરે છે... વરૂથિની નો અર્થ સૈના – army થાય છે. આ એકાદશીની પૌરાણિક કથા એક રૂપક છે.. જેના પાછળનો ઉદેશ્ય મનુષ્યને વન મેન આર્મી બનાવવાનો છે. વરાહ એ એક શાકાહારી પ્રાણી છે પણ જયારે એ સંકટમાં આવે ત્યારે બચાવ માટે હિંસક પણ બની જાય છે. શ્રી હરિ એ પૃથ્વીને વરાહ અવતારથી ઉગારી




હતી.આ એકાદશી પર ભગવાન વિષ્ણુના પંદરમાં વામન અવતારનું પુજન અર્ચન કરવાની પરંપરા રહેલ છે.વરૂથિની એકાદશીમાં સક્કરટેટીનું માહાત્મ્ય દર્શાવેલ છે. સકકરટેટી એ આ એકાદશીના ઋતુકાળનું પ્રાકૃતિક ફળ છે. એક માત્ર સકકરટેટી શરીરમાં થતાં ગ્રીષ્મના વિકારો સામે સૈન્યની માફક લડે છે. એટલે કે સકકરટેટીએ વિકારો સામે વન મેન આર્મીની જેમ સાબિત થાય છે.સક્કરટેટીને અંગ્રેજીમાં મસ્કમેલન અને હિન્દીમાં ખરબુજા કહેવાય છે. આનું મુળ વતન




ઈરાન તથા ઉતરપૂર્વી ભારત તેમજ અફઘાનિસ્તાન બતાવવામાં આવેલ છે. વૈજ્ઞાનીક નામ Cucumis-Melo છે. આની ઘણી પ્રજાતીઓ જોવા મળે છે. આપણે ત્યાં ચારેક જેટલી પ્રજાતી જોવાં મળે છે જે આ સાથેની ઈમેજીસમાં દર્શાવેલ છે.
મોટાભાગે સુંગાળી ત્વચા અને જાળીદાર ત્વચા એક બે મોટા પ્રકારોમાં સકકરટેટીનું વર્ગીકરણ કરાય છે. એમાં પણ કદ, રંગ, સ્વાદ, સુગંધ પ્રમાણે અન્ય ઘણાં પેટા પ્રકાર પાડવામાં આવે છે.

લીલી ફળમજજા ધરાવતી સ્વાદમાં મીઠી જાતને honeydew કહે છે. જેને લોકબોલીમાં નિલમ સકકરટેટી કહે છે.જાળીદાર ત્વચા ધરાવતી Cantaloupe પ્રજાતીની એક હાઈબ્રીડ જાત તરીકે Galia Melon ઓળખાય છે.સકકર તથા ટેટી શબ્દ મળીને સકકરટેટી બને છે.

સંસ્કૃત શબ્દ શર્કરા પરથી અપભ્રંશ થઈને સકકર કે સાકર શબ્દ આવ્યો છે એટલે કે, જે આકારમાં કાંકરા કે દાણા જેવું પણ સ્વાદમાં મધુર હોય એને શર્કરા કહે છે.

ટેટી શબ્દ મુળ ગુજરાતી છે જેના અર્થ ઉપસેલું, માંસલ અને ગોળ એવા થાય છે. સકાકરટેટીનું પોષણ મુલ્ય જોઈએ તો પ્રતિ ૧૦૦ ગ્રામમાં ૩૪ કેલરી આપે છે. તથા મનુષ્યની દૈનિક જરૂરીયાત ૬૮% Vitamin A તથા દૈનિક જરૂરીયાત ૬૧% Vitamin C મળી રહે છે.રાજનિઘંટુમાં લખે છે.

વાલુકી મથુરા શીતા:
આધ્માનહત વા શ્રમાપહા।
પિતપ્રશમની રુચ્યા કુરૂતે
કાસપીનસૌ॥ નદીની રેતને સંસ્કૃતમાં વાલુકા કહે છે અને સકકરટેટીની ખેતપેદાશ નદીની આવી રેતીમાં વધુ થાય છે જેથી એને વાલુકી નામ આપ્યું છે.મધુર સ્વાદ વાળી તથા તાસીર એની ઠંડી છે, વળી રૂચીકર છે એટલે જો વધુ ખવાય તો ખાંસી – શરદી થાય છે.

પિતનું પ્રશમન કરનાર છે સાથે સાથે આ ઉનાળાના તાપને લઈને જે આધ્યાન–આફરો થાય છે એમાં પણ ઉપયોગી છે અને થાકને દુર કરે છે.

ભાવપ્રકાશમાં લખે છે.

ખુર્બુજમ મૂત્રલં બલ્ય
કૌષ્ઠશુદ્ધિકર સ્નિગ્ધ
સ્વાદુતર પીતં વૃષ્મ
પિત અનિલ અપહમ્।

પ્રજાતીની સકકરટેટી પર જાળી જેવી રચના હોય છે. જે સ્પર્શ માં ખડબચડી – ખર લાગે છે આથી ખરબુચ નામ આપ્યું હશે. ભાવપ્રકાશ ગ્રંથમાં સકકરટેટીને મુત્રલ સાથે કોષ્ઠશુદ્ધિ બતાવેલ છે. સાથે સાથે આ ગ્રીષ્મમાં એનું સેવન, બલ્ય અને વૃષ્ઠશુદ્ધિકર બતાવેલ છે. સાથે સાથે આ ગ્રીષ્મમાં એનું સેવન, બલ્ય અને વૃષ્યકહયુંછે. પણ જો વધુ ખાવામાં આવે તો તે પચ્યા પછી થોડીક અમ્લ – પાકી હોવાથી રકતપિત અને મૂત્રકૃચ્છ કરનાર છે.ગ્રિષ્મની ગરમીથી પરસેવો વધુ થાય છે. જે ત્વચાની પુરતી સાફ સફાઈના અભાવે ખરજવા – Eczema થવામાં સહાયક બને છે. જેમાં દર્દીને એક આખી સક્કરટેટી ખાવાની ભલામણ સર્જન મેજર શીર્કોરે કરે છે. અને જુના ખરજવાનાં દર્દીઓને ઉનાળામાં આ વિકાર સામે ઘણી રાહત રહેતી એવો એમનો જાત અનુભવ છે.તો મિત્રો,આ વરૂથિની એકાદશીથી પંદર દિવસ સુધી નિત્ય વન મેન આર્મી જેવી સકકરટેટીને પ્રભુનો પ્રસાદ માનીને આરોગીશું....કેમ કે ગ્રિષ્મનાં તાપથી ભોજન કરવામાં થતી અરૂચી તમેજ લાગતો થાક દુર કરવામાં સ્વાદિષ્ટ સકકરટેટી ઉપયોગી છે.ગ્રીષ્મમાં વધુ પડતી ગરમીના કારણે પેશાબનું રોકાઈ જવું બળતરા સાથે થોડું થોડું ઉતરવું ઉષ્ણવાત જેને લોકબોલી ઉનવા કહે છે. તથા ગરીષ્ટ ભોજન કે વધુ પાણી પીવાથી પેટનું ફુલાઈ જવું જેને આધ્માન આફરો કહે છે આવા વિકારને પણ સકકરટેટી દુર કરે છે.ગ્રિષ્મમાં સ્વાભાવિક વિકાર પામતા પિત અને વાયુના દોષો સામે આ ફળ રક્ષણ કરે છે અને ગડ ગુમંડ ખરજવામાં પણ ફાયદો કરે છે.

## હાસ્યધર્મથી આ 'એપ્રિલ ફૂલ'નથી હો આટ આટલી ભૂલ ન કરતાં ની વાત કરીએ

પેલી એપ્રિલ બે હજાર ચોવીસ એપ્રિલ ફૂલ ડે નું પહેલું ગુલાબ મારા તરફથી ગુલાબના ફૂલની જેમ હંમેશા મહેકતા રહો.તમે સાવચેત રહેજો કોઈ એપ્રિલ ફૂલ ન બનાવી જાય.આજે અમારા હાસ્યધર્મ ગ્રુપમાં પેલી એપ્રિલ એપ્રિલ ફૂલ હોવાથી ઘણા ઘણાએ ખૂબ મજાક મસ્તી કરી પરંતુ અમારા એક સાહેબે કહ્યું એ વાચક વર્ગ સમક્ષ મૂકીએ છીએ જેમકે આજે પેલી એપ્રિલ એટલે ઘણા ઘણા ફોન ઘણા ઘણા સમાચાર ઘણી ઘણી વાતો કરી એપ્રિલ ફૂલની મજા લોકો માણતા હોય છે.પરંતુ આ લેખને એપ્રિલ ફૂલ નહીં માનતા અને આટલી આટલી ભૂલ નહીં કરતા એક તો ખરેખર કોઈને ફાળ પડે કે ધ્રાસકો પડે તેવી રીતે કોઈને એપ્રિલ ફૂલ ન કરવા,મર્યાદાનું પાલન કરવું ત્યાં તો અમારે રઘુ હસતા હસતા કે અરે ગયા વખતે એપ્રિલ ફૂલના દિવસે જ મને ફોન આવ્યો કે તમારી સગાઈ જોવા માટે મહેમાન આવે છે.બસ હું તો એમાં રોકાઈ ગયો ના મહેમાન આવ્યા સાંજે ખબર પડી કે એપ્રિલ ફૂલમાં આવી ગયો હતો.ત્યાં તો બધા હસતા હસતાં કે રઘુ કયારેક એ સમાચાર પણ સાચા પડશે.બરાબર છે મજાક મસ્તી પણ જરૂરી છે.એકવાર બારોબાર કોઈના ઘરે બે મિત્રોએ જઈને કહ્યું મારા ભાઈએ કહ્યું છે કે મહેમાન આવે છે દસ બાર રકાબી ચા બનાવજો.અને એ ચા પીઈએ એ પણ મજા છે.પણ ક્યારેક કોઈ દિવસ એવું પણ થયું કે ચા ના બદલે સામે એપ્રિલ ફૂલમાં મીઠાના પાણીનો ગ્લાસ આવ્યો તો રમૂજ કંપની કે ચા નું કહ્યું હતું ને?તો સામેથી જવાબ મળ્યો કે દૂધ ન્હોતું એટલે લીંબુ શરબત બનાવ્યું છે.પછી બધા એક એક ઘૂંટડો પીય ગયા ત્યારે ખ્યાલ આવ્યો કે લે આ તો લીંબુ શરબત નથી એપ્રિલ ફૂલનું શરબત છે.પણ આજે અમારા ગ્રુપના એક સાહેબે કહ્યું એપ્રિલ ફૂલને આ રીતે ઉજવીએ તો....નવું નાણાકીય વર્ષનો પ્રથમ દિવસ એક પણ રૂપિયો ખોટો વેડફાઈ નહી તેની કાળજી લઈએ,વ્યસનથી દૂર રહીએ,વૃક્ષો વાવીએ,માતા પિતાને સન્માન આપીએ,આવા તો ઘણા સંકલ્પ લેવરાવ્યા ત્યાં વળી રઘુ હસતા હસતા કે હવે તો એમાં પણ એપ્રિલ ફૂલ થઈ રહ્યું છે.ખોટું ખોટું ફોટાનું વધી ગયું છે.વૃક્ષો વાવવાના પણ ફોટા વધુ પડી રહ્યા છે.એટલે તો આજકાલ મહેમાનને બદલે માવઠા વધુ આવે છે.આજનો દિવસ ભલે મજાક મસ્તી કરીએ પણ પછી આખું વર્ષ ખટપટ કે કંઈ ન કરીએ તો મારા જેવાના કેટલાયના અટકેલા કામ થાય ત્યાં તો બધા ખડખડાટ હસવા લાગ્યા.એટલે વળી અમારા એક સભ્યએ કહ્યું મજાક મસ્તી તંદુરસ્તીની ચાવી છે.પણ ઘણીવાર લોક થઈ જાય ત્યાં સુધી આ મજાક મસ્તી ન કરવી જોઈએ. નબળા હૃદયના ભોળા માણસો ઘણી વાર મજાક મસ્તી ને વાસ્તવિક સમજી બેસે અને ન કલ્પ્યું હોય તેવું પરિણામ આવે એટલે બધું માફકસર સારૂ આવી બધી વાત ગ્રુપમાં કરતા હતા.ત્યાં જ રઘુનાં મિત્રને એપ્રિલ ફૂલ પંડમાં આવ્યું અને ફોન હાથમાં લઈ રઘુ ને જ ફોન લગાડયો. રઘુના ફોનમાં ફોન આવ્યો રઘુએ વાત કરી કે હેલ્લો તો સામેથી જવાબ મળ્યો કે અમે ગામમાં આવી ગયા છીએ તમને જોવા માટે ઘર મળતું નથી. સફેદ ગાડીમાં છીએ.ત્યાં તો રઘુની સામે જ એ ગાડી આવી રહી હતી.રઘુ તો રાજી રાજી થઈ મહેમાનને બે હાથ ઉંચા કરી કરીને આવકારવા લાગ્યો.ગાડી ઉભી રહી તો મહેમાન હતા પણ બીજાને ઘરે જવાની વાત કરી તો રઘુ કે આમાં તમારો ફોન હતો ને? તો મહેમાન કે અમે ફોન જ નથી કર્યો ત્યાં તો બધા ખડખડાટ હસવા લાગ્યા. પાછળથી રઘુને ખ્યાલ આવ્યો કે લે..... આલે આ તો રઘૂના મિત્રએ જ અજાણ્યા નંબરમાથી ફોન કર્યો હતો. એ ગ્રુપમાં પણ સાથે જ હતો.હજુ તો ન છેતરાવવાની વાત જ કરી રહ્યા હતા ત્યાં જ રઘુ ઝપટમાં આવી ગયો.પણ રઘુ હસતા હસતા કે આપણે ઈશ્વરની કૃપા છે કે આપણે આ એક દિવસ જ અને એ પણ હસી મજાકમાં એપ્રિલ ફુલ રહીએ છીએ.બાકી ઘણા ઘણા તો કાયમ ફૂલ જ હોય અને ભગવાને આપેલ અમૂલ્ય જીવનને વેડફી ખોઈ બેસવાની ભૂલ કરતા હોય છે.અને બીજા તેમની હસી મજાક કરતા હોય છે.શરીરમાં ભગવાને આપેલા એક એક અંગની કિમંત તો જયારે એ અંગ બગડે ત્યારે ખ્યાલ આવે છે.એટલે આવા નકામા ફાલતુ વ્યસન છોડો અને તંદુરસ્ત રહેવાનું વ્યસન કરો. યોગ,પ્રાણાયામ થાય તો સારૂ બાકી હાસ્ય યોગ તો કરતા જ રહેજો.તો પણ તંદુરસ્ત રહેશો. હસાવવાનું વ્યસન રાખો.હસતા રહો,હસાવતા રહો.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલનાં ખેલાડીઓનું એકેડેમીમાં સિલેકશન



અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં હેન્ડબોલ રમતમાં પ્રશિણ મેળવતા ખેલાડી (૧) વઘાસીયા વેદ (૨) સાનેપરા જીલ (૩) ઓલકીયા સાગર (૪) લાધવા વૈદીક (૫) પોલરા અનુગ્રહને હેન્ડબોલ એકેડેમીમાં ગાંધીનગર ખાતે સિલેકશન થયેલ છે. જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં નેશનલ કક્ષાએ મેડળ પ્રાપ્ત કરેલ હોય અને ભવિષ્યમાં વધુ સારી સિધ્ધિઓ મેળવી શકે તેવા ખેલાડીઓને એકેડમીમાં સિલેકશન થાય છે. જેમાં કોલેજ, હોસ્ટેલ, ભોજન અને શ્રેષ્ઠ પ્રશિક્ષણ મળે તેવી સુવિધાઓ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓને સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી, કોચ રવિભાઈ નાવડીયા, ડીએલએસએસ સ્ટાફ તેમજ સંસ્થાના તમામ સ્ટાફ ધ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ હતા અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તે માટે શુભકામના પાઠવવામાં આવેલ હતી. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, ડાયરકેટર વસંતભાઈ પેથાણી, શાળાના આચાર્યો અને સ્ટાફગણ, તમામ વિદ્યાર્થીઓને આ ક્ષેત્રે આગળ વધે અને દેશ, રાજય અને જિલ્લાનું નામ રોશન કરે તે માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવેલ હતું.

## ટીંબી નિર્દોષાનંદજી હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરાનું સન્માન



અમરેલી, તા. ૩૦

તા. ૨૩/૩/૨૦૨૪ નાં રોજ સુરત મુકામે વિર ભગતસિંહ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત આયોજીત 'વિર શહીદોને પુષ્પાજંલી કાર્યક્રમ'માં વિવિધક્ષેત્રનાં વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતમાં સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ–ટીંબીનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરાને સન્માનપત્ર, શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સને ૨૦૦૫ થી આ ટ્રસ્ટ દ્વારા વિજરશહિદોને પુષ્પાજંલી કાર્યક્રમ ઉપરાંત રકતદાન કેમ્પ, વ્યસનમુકિત અને સેવાભાવી સંસ્થાઓને થવા જેવા વિવિધ કાર્યોનું આયોજન કરવામાં આવે છે. દરવર્ષે સેવાકાર્યમાં સમર્પિત વિશિષ્ટ વ્યકિતઓનું સન્માન પણ કરવામાં આવે છે.

## અમરેલીનાં સરકારી ચિલ્ડ્રન હોમ ખાતે હોળી–ધૂળેટી પર્વની ઉજવણી સંપન્ન

અમરેલી, તા. ૩૦

માર્ચ, ૨૦૨૪ (શનિવાર) સરકારી ચિલ્ડ્રન્સ હોમ તથા મહિલા મંડળ દ્વારા પ્રતાપરા સ્થિત સરકારી ચિલ્ડ્રન હોમ ખાતે ગત તાજેતરમાં અંતેવાસી બાળકો સાથે હોળી–ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી સાથોસાથ બાળકોમાં જ્ઞાનમાં વધારો થાય તથા બાળકોમાં ફાયર અને ઈમરજન્સીની પરિસ્થિતિમાંકેવી સાવચેતી રાખવી તેજી સમજ ઉભી થાય તે માટે અમરેલી જિલ્લા ફાયર અને ઈમરજન્સી વિભાગ દ્વારા બાળકોને લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમ્યાન સૌપ્રથમ ફાયર કે ઈમરજન્સી જેવી પરિસ્થિતિ દરમિયાન ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ સાધનો અંગે બાળકોને સમજ આપવામાં આવી હતી તથા વિવિધ આપતિજનક પરિસ્થિતિમાં કેવા પગલા લેવા જોઈએ તથા કોઈ જગ્યા પર આગ લાગી હોય તેવા સંજોગોમાં આગને બુજાવવા ફાયર–ફાઈટરનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ ફાયર ઓફિસર એચ.સી.ગઢવી અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હીત. ત્યાર બાદ ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના સભ્યો ટારા બાળકોને રંગ, પિચકારી સાથે હોળીની ઉજવણીની ભેટ આપી બાળકોના દિવસની ઉજવણીમાં વધુ રંગો ભરી આપ્યા હતા.

બાળકોએ હર્ષોલ્લાસ સાથે આ ઉજવણી કરી હતી. આ પર્વની ઉજવણી કરી હતી. આ પર્વની ઉજવણી દરમિયાન અમરેલી જિલ્લા ફાયર અને ઈમરજન્સી વિભાગની ટીમ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.બી.ખેર તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વી.યુ.જોષી, અધિકારી–કર્મચારઓ તથા ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના સભ્યો તથા મહિલા વિકાસ મંડળના કમસ્ચારીઓ અને સરકારી ચિલ્ડ્રન હોમના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકો સાથે મી હોળી ધૂળેટી પર્વની ઉજવણી સાથે મળી કવરમાં આવી હતી, તેમ અમરેલી ચિલ્ડ્રન હોમના સુપ્રિન્ટેન્ડેન્ટએ એક યાદીમાં જણાવ્યું છે.

## સાવરકુંડલાનાં બાળ રોજેદાર



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલામુસ્લિમમેમણ પરિવારનાંનાનાબાળકોએકાળાઉનાળામાં રોજ રાખી અલ્લાહ તાલ્લાહ પાસે દુઆ માંગી મુસ્લિમ વેપારી હાજી ઈારાનભાઈશેખાણીસાડાત્રણવર્ષેહાજી મહમદ મોહસીન શેખાણી, મહમદ હસનેનઅમજદશેખાણીસાડાત્રણવર્ષ અનેનફીસાજુનેદભાઈશેખાણીઉંમરવર્ષ ચાર એ આવા કાળા તડકામાં ૧૪.૩૦ કલાકનું રોજુ રાખી અલ્લાહ તાલ્લાહ પાસેદુઆ કરેલ.

પવિત્ર રમજાન શરીફનાં રોજા ૧૨ વર્ષ પછી મુસ્લિમ ભાઈ–બહેનો માટે રાખવા ફરજ છે. ત્યારે આવા કાળા તડકાનાં ૧૪.૩૦ કલાકનુંરોજુજોત્રણથીચારવર્ષનાબાળકો રાખતા હોય. ત્યારે અટાકટા જેવા મુસ્લિમો રોજા ન રાખે અને જાહેરમાં દિવસેખુલ્લેઆમખાતાપીતાજોવામળતાહોયછેતેખરેખરશરમજનકકહેવાય એટલે પવિત્ર રમજાન શરીફનો એહતરામકરોઅનેકરવોરોજારાખવા તે ફરજીયાત છે.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા ખાતે શ્રી વડલીવાળી મેલડીમાનાં**

અહીં શ્રી વડલીવાળી મેલડીમાંનાસાનિધ્યમાંઆવર્ષેતા. ૮થી ૧૦એપ્રિલસુધીધાર્મિકઅનેસામાજિક કાર્યક્રમો યોજાશે. જેમાં સમૂહલગ્ન, રૂક્ષ્મણી વિવાહ, માતાજીનો માંડવો, માતાજીનીરથયાત્રાસહિતનાભવ્યઅને દિવ્યકાર્યક્રમયોજશે. અહીંત્રણદિવસ સુધી ભજન, ભકિત અને ભોજનનો ત્રિવેણીસંગમસર્જાશે.

તા. ૮ એપિલના રોજ આયોજિત ભવ્ય સમૂહલગ્ન અને રૂક્ષ્મણીવિવાહનીધામધૂમથીઉજવણી કરવામાં આવશે. અહીં તાલુકાની માતા–પિતા વિહોણી ૩૬ જેટલી દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે. સમૂહલગ્નના આયોજક રાજુભાઈ જેઠવા દ્વારા દીકરીઓના પાલક પિતા બની કન્યાદાન કરશે તેમજ રૂક્ષ્મણી વિવાહમાં બાબરા તાલુકાના આહીર સમાજદ્વારાઠાકોરજીનીભવ્યજાનજોડી પરણવા આવશે.

માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા જણાવ્યું હતું કે, સમૂહલગ્નમાં ભાગ લેનાર દરેક દીકરીઓને આજે કરિયાવર અર્પણ કરવામાં આવ્યો હતો. જેમાં વરને શેરવાની, કન્યાને પાનેતર અને ચણીયા ચોલી, કંકોત્રી, શ્રીફળ એનાયત કરવામાં આવ્યું હતું. આ સિવાય કન્યાઓને કરિયાવરમાં શેટી પલંગ, ફ્રીઝ, કલર ટીવી, કુલર સહિત વાસણસામગ્રી તેમજ પાંચ મણ ઘઉં, તેલના ડબ્બા સહિત પૂરતા પ્રમાણમાં કિરાણા કીટ સહિતનો કરીયાવર તમામ દીકરીઓને અર્પણ કરવામાંઆવ્યોછે. દીકરીનેકરીયારમાં એકપણવસ્તુનીખોટનાઆવેતેનીપૂરતી કાળજી લેવામાં આવી છે. તેવું અંતમાં રાજુભાઈ જેઠવા દ્વારા જણાવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાનાં ધરાઈ ગામે**

કરીરહેલાશ્રમિકનાહાથમાંથીદોરીછૂટી જતાં તે કુવામાં ખાબકયા હતા. ત્યારે આ જ કુવામાં નીચે કામ કરતાંશ્રમિક પણ કુવામાંપડતાંબંનેનેઈજાથતાંબંનેનામોત નિપજયાહતા.

આ બનાવ અંગે ધરાઈ ગામના સરપંચે અમરેલીના ફાયર ફાયટરનેજાણકરતાંઅમરેલીફાયરટીમ તુરંતઘટનાસ્થળઉપરપહોંચી ૧૩૦ફુટ ઉંડા કુવાની અંદર ઉતરી અને સતત ૩ કલાક સુધીની જહેમત બાદ આ બંને શ્રમિકોનામૃતદેહનેરેસ્કયુકરીકુવામાંથી બહારકાઢીસ્થાનિકપોલીસનેપ્રાથમિક તપાસઅર્થેસોંપેલહોયસ્થાનિકપોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

આ રેસ્કયુ ઓપરેશનમાં ફાયરફાયટરટીમનાસવજીભાઈડાભી, કૃષ્ણભાઈ ઓળકિયા, પ્રવીણભાઈ ચૌહાણ, ભુરીયા જગદીશભાઈ તથા જયદીપભાઈ વિગેરે જોડાયા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **ભાજપમાં બળવો ડામવા આદેશ**

લઈનેઉમેદવારજાહેરકર્યાતેમાંબેબેઠકો પર બદલવા પડયા અને કાર્યકર્તાઓની લાગણી–માંગણીને માન આપ્યુ છે તેવા દાવા કરીને પણ કાર્યકર્તાઓને પૂછયા વગર જ નવા ઉમેદવાર મુકતા તેનો પણ વિરોધ શરૂ થયો છે જે ડામવા અને ઉમેદવારીપત્રક ભરાય તે પૂર્વે ઓલ–વેલ કરી દેવા દિલ્હીથી આદેશ છુટતા જ હવે પક્ષના પ્રચારને થોડી બ્રેક લાગી છે તથા એક બાદ એક બેઠક પર પક્ષમાં જ જે ડેમેજની આશંકા છે ત્યાં બધું ઠીકઠાક કરવાના પ્રયાસો શરૂ થયા છે. રાજકોટ લોકસભા બેઠક પરનાં ભાજપના ઉમેદવાર પરશોતમ રૂપાલા જેઓનુંરાજકીયક્ષેત્ર અમરેલીજિલ્લોછે તેનેસૌરાષ્ટ્રનીઆપ્રતિષ્ઠાભરીબેઠકપર ચૂંટણીલડાવવાનાનિર્ણયપાછળભાજપ મોવડીમંડળનીમજબૂરીછુપાવીદેવાઈ હતી. સ્થાનિકસ્તરેઅનેકકડવાપાટીદાર ચહેરાઓ છતાં જે રીતે બહારના ઉમેદવારને આ બેઠક પર મુકાયા તે હવે સ્વીકારવા સિવાય વિકલ્પ ન હતો અને તેથી જ રૂપાલાને સ્વીકાર્ય બનાવવા પ્રચાર વ્હેલો શરૂ કરાયો. વિવિધ અગ્રણીઓ સમાજને ત્યાં બ્રેકફાસ્ટની ડીનર બેઠકોનો દૌર ચાલતો હતો તે વચ્ચે જ રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગે વિધાનોથી જે વિવાદ શરૂ થયો તે ફકત રાજકોટ જ નહી પણ અનેક બેઠકો પર ક્ષત્રિય સમાજના રોષનો સામનો કરવો પડે તેવી સ્થિતિ બનતા જ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ રાજકોટ દોડ આવ્યા અને તેઓએ પક્ષના ક્ષત્રિય અગ્રણી તથા આ સમાજ પર પ્રભાવ ધરાવતા જયરાજસિંહ જાડેજાને ડેમેજ કંટ્રોલનીજવાબદારીસોંપીઅનેગઈકાલે જે રીતે ગોંડલ નજીક ક્ષત્રિય સમાજની બેઠકમાં હવે આ પ્રકરણ પુરૂ તેવી જાહેરાતથઈ પછીપણતેકેટલીસ્વીકાર્ય બનેછે તેના પર સૌની નજર છે.

ભાજપને આ પ્રકારે સાબરકાંઠા બેઠક પર પણ જબ્બરા વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. જયારે પહેલા ઠાકોર–ડામોરના વિવાદમાં પક્ષને ભીખાજી ઠાકોરને બદલવાની ફરજ પડી પણ તેમાં કોંગ્રેસ મૂળના શોભનાબેન બારૈયાને પસંદ કરતા વિરોધ ડબલ થયો અને ભીખાજીના ટેકેદારો પણ હવે તેમાં જોડાતા ગઈકાલે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી હિંમતનગર દોડી ગયા હતા અને તેઓએ પક્ષના અગ્રણીઓ સાથે બેઠક કરી અને હવે આજે સાબરકાંઠા ભાજપનાં ધારાસભ્યો, સંગઠન અગ્રણીઓને ગાંધીનગર બોલાવાયા છે અનેહવેઆઆગઠારવાનીજવાબદારી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પર નખાઈ છે. પક્ષ હજું પણ અહીં ઉમેદવાર બદલે તો અન્ય બેઠકો પર વિરોધ વધુ તિવ્ર બનશે તેવો ભય છે પણ જો શોભનાબેન બારૈયાને યથાવત રાખે તો બેઠક જોખમમાં આવવાનો ભય છે તે સમયે હવે પક્ષ શું ઉકેલ કાઢે છે તેના પર નજર છે. જો કે હજુ બનાસકાંઠા, ભરૂચ, પોરબંદર, અમરેલી, વલસાડ અને વડોદરા બેઠકમાં પક્ષે વિવાદ પર ઢાંકપીછોડો કર્યો છે પણ કેટલો સમય તે જાળવી શકશે તે પ્રશ્ન છે.

## રાજુલામાં ઘરફોડ ચોરી કરનાર ઈસમને પકડી પાડતી એલસીબી ટીમ



અમરેલી, તા. ૩૦

રાજુલા ગામે આવેલ વોરાવાડ, ખંડપીઠમાં રહેતા અબ્બાસીભાઈકુરબાનહુસૈનચૌહાણગત તા. ૨૧/૩નાં રોજ પોતાના રહેણાંક મકાનના મુખ્ય દરવાજા ઉપર તાળુ મારી પોતાના પરિવાર સાથે રમજાન માસ અન્વયેનમાજમાંગયેલહોય. તેદરમિયાન સાંજના પોણા સાતથી સાડા સાત વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ મેઈન દરવાજાનુંતાળુતોડીઘરમાંપ્રવેશકરીઘરનો સામાન વેરવિખેર કરી, પરચુરણ રોકડ રૂા.૫,૦૦૦નીચોરીકરીલઈ ગયેલહોય. જે અંગે જે તે સમયે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓનેશોધીકાઢી, તેમનાવિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ હોય. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા ઉપરોકત ઘરફોડ ચોરીના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરી અને બાતમી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગત તા. ૨૭/૩ના નાઈટ પેટ્રોલીંગ દરમિયાન રાજુલા ટાઉનમાંથી યુસુફભાઈ હમીદભાઈ રફાઈ (રહે. અમદાવાદ) નામનાં ઈસમનેશંકાસ્પદહાલતમાંપકડીપાડી સઘન પુછપરછ કરતા ઉપરોકત ઘરફોડ ચોરી તેમજ સને ૨૦૧૭ માં રાજુલામાં ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા રોકડ રૂપિયા ૪,૩૫૩ તથા એક લોખંડનો સળીયો રૂપિયા ૧૦ મળી કુલ રૂપિયા ૪,૩૬૩ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ છે.

પકડાયેલ ઈસમની સઘન પુછપરછ કરતાં પકડાયેલ આરોપીએ અગાઉ સને૨૦૧૭નાંવર્ષમાંરાજુલામાં ખોડીયાર માતાજીના મંદિરની બાજુમાં આવેલ એક બંધ મકાનનું તાળુ તોડી તેમાંથી રોકડ રકમ, સોના–ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ હતી.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરાનાં જેતપુર માર્ગ ઉપર**

૧૩૩૨ બગસરા તરફ આવતી હતી ત્યારે બગસરાથી મુંજીયાસર તરફ જતી સવેરોલેટ જીજે ૧૪ ઈ ૫૦૧૩ ની કાર ગાડી સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. તેની સાઈડમાં પડેલ ફોરવીલ કારને ઠોકર મારી અથડાઈ તથા નગરપાલિકા કચરાભરવામાટેનીછોટાહાથીસાઈડમાં પડીહતીકચરામાટેતેગાડીસાથેઅથડાઈ હતી. જોકેતેગાડીત્યાંસાઈડમાંપડીહતી સદનસીબે જાનહાની અટકી હતી અને કોઈનેઈજાપહોંચીનહતી. માત્ર ગાડીમાં નુકસાની થઈ હતી. આ અકસ્માત થતા પોલીસને જાણ કરતા થતા પોલીસ અકસ્માત થઈ ગયા પછી એક કલાક બાદ ઘટના સ્થળે પહોંચી હતી અને રોડ પર ટ્રાફિક જામ થઈ ગયું હતું.

# અમરેલીની શ્રેષ્ઠ મલ્ટીસ્પેશ્યાલીટી નવજીવન હોસ્પીટલમાં યોજાયો મહાપૂજા કાર્યક્રમ



અમરેલી શહેર મધ્યમાં આવેલી ટ્રસ્ટ સંચાલિત શ્રેષ્ઠ સારવાર અને સુવિધા આપતી હોસ્પિટલ એટલે નવજીવનજનરલ હોસ્પિટલ,આ હોસ્પીટલમાં ગત તારીખ ૩૦/૩/૨૪ના રોજ મહાપૂજા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.આ પૂજન બી.એ.પી.એસ. સંસ્થાના પૂજય સંત સાધુચરિત સ્વામી તથા યોગવીર સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.આ મહાપૂજા કાર્યક્રમમાં હોસ્પીટલના ડોક્ટરો વગેરેએ સહપરિવાર તથા હોસ્પિટલ સ્ટાફે લાભ લીધો હતો.આ કાર્યક્રમમાં સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મરેલી જીલ્લાના દર્દીઓને રાહત દરે શ્રેષ્ઠ સારવાર અને ઉતમ પ્રકારની સુવિધા મળી રહે તે હેતુથી શઢ થયેલી નવજીવન જનરલ હોસ્પિટલ આજે એક વટવૃક્ષ બની ગઈ છે જેની છત્ર છાયામાં લાખો દર્દીઓને આ સારવારનો લાભ પ્રાપ્ત થયો છે.ભવિષ્યમાં પણ આ હોસ્પીટલમાં આવનાર તમામ દર્દીઓને શ્રેષ્ઠ સારવાર અને સુવિધા દ્વારા સાઢં અને ઝડપી આરોગ્ય પ્રાપ્ત થાય તે હેતુથી આ મહાપૂજા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. । હોસ્પીટલમાં અલગ અલગ વિભાગો જેવાકે મેડીસીન, સર્જરી, ગાયનેક, બાળરોગ, ઓર્થોપેડિક, લેપ્રોસ્કોપીક સર્જરી, ડાયાલીસીસ, યુરોલોજી, ઈમરજન્સી સારવાર, પોઈઝન સેન્ટર વગેરે વિભાગો કાર્યરત છે જેમાં રાહત દરે તથા સરકારની યોજના અંતર્ગત વિનામૂલ્યે કોર્પોરેટ કક્ષાની સુવિધા સાથે સારવાર આપવામાં આવે છે. સમય સાથે હોસ્પીટલમાં સુવિધાઓ પણ વધારવામાં આવે છે. હોસ્પીટલમાં એક જ છત નીચે તમામ પ્રકારની સુવિધા મળી રહી છે અને ભવિષ્યમાં પણ દર્દીઓના લાભાર્થે ખુબ સારી સારવાર સુવિધા આપવા માટે અને હોસ્પીટલમાં સુવિધાઓ વધારવા માટે હોસ્પિટલ મેનેજમેન્ટ મક્કમ છે.હોસ્પીટલમાં દર્દીઓ તથા સગા પ્રત્યે ડોક્ટર,સ્ટાફ વગેરે દ્વારા સહાનુભુતિથી સારવાર થતી હોઈ દરેક્ દર્દીઓને હોસ્પિટલ કરતા અરોગ્ધામ હોઈ તેવી અનુભૂતિ થઈ રહી છે તથા દર્દી દ્વારા ભવિષ્યમાં હોસ્પીટલમાં ખુબ સારી સુવિધાઓ થાય અને હજારો દર્દીઓને આવી શ્રેષ્ઠ અને ઉતમ સારવારનો લાભ મળી રહે તે માટે આશીર્વાદ આપવામાં આવી રહ્યા છે.

### નાના એવા ગામમાં દોડધામ મચી

# અમરેલીના લુણીધાર ગામે ૨૬ જેટલા વ્યકિતઓને કેન્ડી ખાધા બાદ ફુડ પોઈઝન

### તમામને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા



અમરેલી, તા. ૩૦

અમરેલી નજીક આવેલ લુણીધાર ગામે સાંજના સમયે કેટલાક લોકોએ કેન્ડી ખાધા બાદ ફુડ પોઈઝનની અસર થતા ૨૬ જેટલા વ્યકિતઓને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. જો કે એકી સાથે મોટી સંખ્યામાં દર્દીઓ ખસેડાતા અફડા તફડી મચી જવા પામી છે. આ બનાવમાં સુત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી નજીક આવેલ લુણીધાર ગામે સાંજના સમયે મહિલા-પુરૂષો સહિતના લોકોએ લુણીધાર ગામે કેન્ડી ખાધા બાદ ફુડ પોઈઝન થતા ૨૬ જેટલા વ્યકિતઓને ૧૦૮ મારફતે અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. જો કે એકી સાથે મોટી સંખ્યામાં દર્દીઓ ખસેડાતા અફડા તફડી મચી જવા પામી છે. જો કોઈ દર્દીની હાલત સામાન્ય હોય વહીવટી તંત્રએ રાહતનો દમ લીધો હતો.

### ગૃહ મંત્રાલયે આપ્યા તાબડતોબ આદેશ

# કેજરીવાલ, કૈલાશ ગેહલોત બાદ હવે સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીમાં વધારો!

### સત્યેન્દ્ર જૈન પર છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખર પાસેથી "પ્રોટેક્શન મની" તરીકે ૧૦ કરોડ રૂપિયાની ઉચાપતનો આરોપ

નવી દિલ્હી, તા.૩૦

**AAP** નેતા સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીમાં ફરી એકવાર વધારો થયો છે. વાત જાણે એમ છે કે, ગૃહ મંત્રાલયે જેલમાં બંધ દિલ્હીના પૂર્વ મંત્રી અને **AAP** નેતા સત્યેન્દ્ર જૈન સામે ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ **CBI** તપાસને મંજૂરી આપી છે. નોંધનીય છે કે, સત્યેન્દ્ર જૈન પર છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખર પાસેથી "પ્રોટેક્શન મની" તરીકે ૧૦ કરોડ રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ છે. અહી એ પણ નોંધનીય છે કે, તાજેતરમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે કાર્યવાહી બાદ હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આબકારી નીતિ સંબંધિત કથિત મની લોન્ડરિંગના કેસમાં આમ આદમી પાર્ટી સરકારના મંત્રી કૈલાશ ગેહલોતને સમન્સ મોકલ્યું છે. કૈલાશ ગેહલોત દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારમાં પરિવહન, ગૃહ અને કાયદા મંત્રી છે.

સત્યેન્દ્ર જૈન અને તિહાર જેલના પૂર્વ ડીજી સંદીપ ગોયલ પર તિહાર જેલમાં ખંડણીનું રેકેટ ચલાવવાનો અને દિલ્હીની વિવિધ જેલોમાં બંધ હાઈપ્રોફાઈલ કેદીઓ પાસેથી પ્રોટેક્શન મની વસૂલવાનો આરોપ છે. આ સિવાય ગેંગસ્ટર સુકેશ ચંદ્રશેખરે સત્યેન્દ્ર જૈન અને સંદીપ ગોયલ અને અન્ય તિહાર જેલના અધિકારીઓ રાજકુમાર અને મુકેશ પ્રસાદ પર વર્ષ ૨૦૧૯-૨૨ વચ્ચે ૧૨.૫૦ કરોડ રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ લગાવ્યો હતો.

મહાઠગ સુકેશ ચંદ્રશેખરે આ અંગે દિલ્હીના ન્એટલે કે લેફ્ટનન્ટ ગવર્નરને ફરિયાદ પણ મોકલી હતી. આરોપ છે કે, સત્યેન્દ્ર જૈન અને તિહાર જેલના અન્ય અધિકારીઓએ પૈસાના બદલામાં પોતાના સરકારી હોદ્દાનો દુરુપયોગ કર્યો અને જેલમાં બંધ કેદીઓને જેલ મેન્યુઅલની વિરુદ્ધમાં ઘણી સુવિધાઓ આપી. મની લોન્ડરિંગ કેસમાં તિહાડ જેલમાં બંધ દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને તત્કાલિન જેલ સત્તાવાળાઓ દ્વારા ન માત્ર જેલમાં **VIP** ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી પરંતુ અન્ય કેદીઓને મસાજ પણ કરાવ્યો હતો.

વાત જાણે એમ છે કે, ફેબ્રુઆરીમાં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ આ મામલે ગૃહ મંત્રાલયને સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ **CBI** તપાસની ભલામણ કરી હતી. ગયા વર્ષે નવેમ્બરમાં **CBI**એ લેફ્ટનન્ટ ગવર્નરને પત્ર લખીને આરોપ લગાવ્યો હતો કે, સત્યેન્દ્ર જૈન તિહાર જેલમાંથી હાઈ-પ્રોફાઈલ ખંડણીનું રેકેટ ચલાવી રહ્યો છે. **CBI**એ કહ્યું કે, જૈને ગેંગસ્ટર સુકેશ પાસેથી પ્રોટેક્શન મની તરીકે ૧૦ કરોડ રૂપિયા માંગ્યા હતા.

સુકેશે આરોપ લગાવ્યો છે કે, ૨૦૧૮ થી ૨૦૨૧ વચ્ચે સત્યેન્દ્ર જૈને પોતે અથવા તેના સહયોગીઓ દ્વારા તેમની પાસેથી પૈસા પડાવી લીધા છે.

નોંધનીય છે કે, સત્યેન્દ્ર જૈનની મે ૨૦૨૨માં ધરપકડ કરવામાં આવી હતી. તેમની છેલ્લી જામીન અરજી આ વર્ષે માર્ચમાં સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી અને તેમને મની લોન્ડરિંગ કેસમાં આત્મસમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું.

ત્યારથી તે તિહાર જેલમાં બંધ છે. અગાઉ તેમને ૨૬ મે, ૨૦૨૩ ના રોજ વચગાળાના તબીબી જામીન આપવામાં આવ્યા હતા કારણ કે તેઓ જેલના બાથરૂમમાં પડી ગયા હતા. જામીનના સમયગાળા દરમિયાન તેણે કરોડરજ્જુનું ઓપરેશન કરાવ્યું હતું.

### બીજુ જનતા દળને મોટો ઝટકો લાગ્યો

# અનુભવ મહાંતિએ પાર્ટીના સભ્યપદેથી રાજીનામું આપ્યું

### છેલ્લા કેટલાક વર્ષોથી પારિવારિક વિવાદમાં ફસાયેલા અનુભવ મહાંતિની પાર્ટીમાં અવગણના થઇ રહી હતી

નવી દિલ્હી, તા.૩૦

લોકસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ નેતાઓ માટે જાણે પક્ષપલટાની ઋતુ આવી ગઈ છે.

આ સૌની વચ્ચે એક રાજ્યમાં સત્તાધારી પાર્ટી બીજેડી મોટી મુશ્કેલીમાં મૂકાઈ ગઈ છે. ઓડિશામાં સત્તાધારી પક્ષ બીજુ જનતા દળ (બીજેડી) ને શનિવારે મોટો ઝટકો લાગ્યો. પાર્ટીના કેન્દ્રાપડા લોકસભા બેઠક પરથી વર્તમાન સાંસદ તથા લોકપ્રિય અભિનેતા અનુભવ મહાંતિએ પાર્ટીના સભ્યપદેથી રાજીનામું આપી દીધું હતું. જોકે ફકત સાંસદ અનુભવ મહાંતિ જ નહીં પણ કોરઈ વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય આકાશ દાસ નાઈક અને ભુવનેશ્વરથી પૂર્વ ધારાસભ્ય પ્રિયદર્શી મિશ્રાએ પણ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.

પ્રિયદર્શી મિશ્રા ભાજપમાં જોડાયા છે. જોકે અન્ય બે અભિનેતાથી નેતા બનેલા આકાશ તથા અનુભવ હાલ તેમની સ્થિતિ સ્પષ્ટ કરી શક્યા નથી. જોકે ચર્ચા એવી છે કે બંને ભાજપમાં જોડાઈ શકે છે. અગાઉ ઓડિશાના અભિનેતા અને પૂર્વ સાંસદ સિદ્ધાંત મહાપાત્ર, અરિંદમ રાય પણ બીજેડીથી રાજીનામું આપી ચૂક્યા હતા. માહિતી અનુસાર બીજેડીના સાંસદ અનુભવ મહાંતિએ તેમનું રાજીનામું બીજેડી પ્રમુખને મોકલી દીધું છે. ઉલ્લેખનીય છે કે બીજેડીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે કેન્દ્રાપડા લોકસભા બેઠક પરથી અંશુમાન મોહંતીને ટિકિટ આપી છે. તેમણે થોડા દિવસ પહેલા કોંગ્રેસ છોડી હતી અને બીજેડીમાં જોડાયા હતા.

છેલ્લા કેટલાક વર્ષોથી પારિવારિક વિવાદમાં ફસાયેલા અનુભવ મહાંતિની પાર્ટીમાં અવગણના થઈ રહી હતી. તેમને પાર્ટીના કાર્યક્રમોમાં બોલાવાઈ રહ્યા નહોતા.

અનુભવને ગત પંચાયત ચૂંટણીમાં સ્ટાર પ્રચારકોની યાદીથી હટાવી દેવાયા હતા. હવે એવી ચર્ચા છે કે તે ભાજપમાં જોડાઈ શકે છે.

# રાજુલા ખાતે પીપળીધામનાં સંતનું આસ્થાભેર સ્વાગત



રાજુલા, તા. ૩૦

રાજુલા શહેરમાં ઉદ્યોગ મંદિર પાછળ મહેશભાઈ ટાંકના આંગણે સંતોની પધરામણી, પીપળીધામના સંત દલસુખ બાપુ પુષ્પક કંકુ, ચોખા, હાર પહેરાવી આશીર્વાદ લીધા હતા ભાઈઓ બહેનો બાળકો સર્વ ધર્મ પ્રેમીઓ એ પણ આશીર્વાદ લીધા હતા ત્યારબાદ બાલુભાઈ ટાંકના ઘરે પણ પધરામણી કરી હતી બારબીજના સંતને સર્વે વંદના કર્યા હતા તેમજ રણછોડભાઈ ટાંક, વેલાભાઈ ટાંક, જાદવ ભગત ટાંક, મહેશભાઈ ટાંક, ગો ળાભાઈ ટાંક, ચેતનભાઈ વાળા, હરેશભાઈ જેઠવા, નયન ટાંક સર્વ ધર્મ પ્રેમી ભાઈઓએ આશીર્વાદ વંદન કર્યા હતા.

### બંનેએ એકબીજાનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું

# અરવિંદ કેજરીવાલની પત્ની સુનિતાને મળી કલ્પના સોરેન

### ઝારખંડ મુક્તિ મોરચા અને આમ આદમી પાર્ટી ઈન્ડિયા લોકસભા ચૂંટણીમાં ગઠબંધનનો ભાગ છે

નવી દિલ્હી, તા.૩૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલ શનિવારે (૩૦ માર્ચ) ઝારખંડના ભૂતપૂર્વ સીએમ હેમંત સોરેનની પત્ની કલ્પના સોરેનને મળ્યા. આ પ્રસંગે સુનીતા કેજરીવાલ અને કલ્પના સોરેને એકબીજાનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.બંને વચ્ચેની મુલાકાત લોકસભા ચૂંટણી પહેલા મહત્વની હોવાનું કહેવાય છે. સુનીતા કેજરીવાલ અને કલ્પના સોરેનની મુલાકાત બાદ રાજકીય વર્તુળોમાં અનેક અટકળો લગાવવામાં આવી રહી છે. ઝારખંડ મુક્તિ મોરચા અને આમ આદમી પાર્ટી ઈન્ડિયા લોકસભા ચૂંટણીમાં ગઠબંધનનો ભાગ છે. ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની પત્ની કલ્પના સોરેન દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજ સાથે અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચી હતી. જ્યાં તેઓ દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલની પત્ની સુનિત કેજરીવાલને મળ્યા હતા. આ જ ક્રમમાં પંજાબ સરકારના મંત્રી કુલદીપ ધાલીવાલ પણ સુનીતા કેજરીવાલને મળવા પહોંચ્યા હતા.નોંધનીય છે કે **AAP**ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની હાલમાં જ ઈડ્ઢ દ્વારા દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અગાઉ ૩૧ જાન્યુઆરીએ **ED**એ ૮ કલાક સુધી ચાલેલી આકરી પૂછપરછ બાદ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની જમીન કૌભાંડ સંબંધિત કેસમાં ધરપકડ કરી હતી. **ED**ની ધરપકડ બાદ ઝારખંડ અને દિલ્હીના રાજકારણમાં ખળભળાટનો માહોલ સર્જાયો છે. હેમંત સોરેનની ધરપકડ બાદ એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે કલ્પના સોરેન તેમની જગ્યા લઈ શકે છે. જોકે, જેએમએમના અધિકારીઓની બેઠક બાદ ચંપાઈ સોરેને ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.દિલ્હીમાં પણ લગભગ આવી જ સ્થિતિ છે. તાજેતરમાં, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે અરવિંદ કેજરીવાલને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, ત્યારબાદ છઁ નેતા અને દિલ્હી સરકારના મંત્રી આતિષી, સૌરભ ભારદ્વાજની સાથે સુનીતા કેજરીવાલ મુખ્યમંત્રી પદની રેસમાં હોવાનું માનવામાં આવે છે. જો કે, દિલ્હી સીએમ કેજરીવાલે સ્પષ્ટ કહ્યું છે કે, તેઓ જેલમાંથી જ સરકાર ચલાવશે.

# એનસીપીએ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી

મુંબઈ, તા.૩૦

શરદ પવારની એનસીપીએ મહારાષ્ટ્ર લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પાંચ ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. જયંત પાટીલે પત્રકાર પરિષદ દ્વારા તમામ ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. શરદ પવારની પુત્રી અને દિગ્ગજ દ્ગઝ઼ નેતા સુપ્રિયા સુલેને બારામતીથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત વર્ધાથી અમર કાલે, ડિંડોરીથી ભાસ્કર રાવ બગરે, બારામતીથી સુપ્રિયા સુલે, શિરુરથી ડૉ.અમોલ કોલ્હે અને અહમનગરથી નિલેશ લંકેને ટિકિટ આપવામાં આવી છે. જાણકારી માટે તમને જણાવી દઈએ કે **NCP** શરદ ચંદ્ર દ્વારા કહેવામાં આવ્યું હતું કે પાર્ટીને મહાવિકાસ અઘાડી (**MVA**) હેઠળ ૧૦ સીટો મળશે અને ટૂંક સમયમાં જ તમામ સીટો પર ઉમેદવારો ઉભા કરવામાં આવશે. શુક્રવારે એક બેઠક યોજાઈ હતી અને બેઠકમાં ૧૦ લોકસભા બેઠકો પર ચર્ચા કરવામાં આવી હતી. બે દિવસ બાદ આજે એટલે કે શનિવાર ૩૦મી માર્ચે પાંચ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે **NDA**ની સહયોગી લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)એ પાંચ બેઠકો પર પોતાના ઉમેદવારોના નામનું એલાન કર્યું છે. જેમાં હાજીપુર બેઠકથી પાર્ટી પ્રમુખ ચિરાગ પાસવાન, સમસ્તીપુરથી શાંભવી ચૌધરી, જમુઈથી અરૂણ ભારતી, વૈશાલીથી વીણા દેવી અને ખગડિયા બેઠકથી રાજેશ વર્માને ટિકિટ આપી છે. આમ, ચિરાગ પાસવાને ન્ત્ઁ કોટાથી તમામ બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યા છે.

### પરશોત્તમ રૂપાલાની મુશ્કેલી વધી

# હવે દલિત સમાજની લાગણી દુભાયા અંગે ફરિયાદ નોંધવા માંગ

### ગોંડલ ખાતેના યોજાયેલા કાર્યક્રમ દરમિયાન અનુસૂચિત જાતિના સમાજની લાગણી દુભાય તેવા શબ્દો ઉચ્ચાર્યા

જૂનાગઢ, તા.૩૦

રાજકોટ લોકસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરશોત્તમ રુપાલાની મુશ્કેલી સતત વધી રહી છે. રાજપૂત સમાજને લઈ કરેલા નિવેદનના કારણે સમગ્ર ગુજરાતમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે. શુક્રવારે ગોંડલ ખાતે ક્ષત્રિય સમાજની બેઠક મળી હતી. જેમાં પરશોત્તમ રુપાલાએ ક્ષત્રિય સમાજની બે હાથ જોડી માફી માંગી હતી તેમ છતા વિવાદ યથાવત છે. ત્યારે હવે ક્ષત્રિય સમાજ બાદ વધુ એક સમાજ નારાજ થયો હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. રુપાલા સામે અનુસૂચિત જાતિ સમાજના અપમાનનો આરોપ લાગ્યો છે. ગોંડલમાં યોજાયેલા કાર્યક્રમમાં એક નિવેદન આપ્યું જેના કારણે અનુસૂચિત જાતિના સમાજની લાગણી દુભાઈ હોવાના અહેવાલ છે. પરશોત્તમ રુપાલા સામે વંથલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવા માંગ કરવામાં આવી છે.

પરશોત્તમ રૂપાલા વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા માંગ કરવામાં આવી છે. ગોંડલ ખાતેના શુક્રવારે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન અનુસૂચિત જાતિના સમાજની લાગણી દુભાઈ તેવા શબ્દો ઉચ્ચાર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વંથલીના સામાજિક કાર્યકર દ્વારા પરશોત્તમ રુપાલા વિરુદ્ધમાં આ ફરિયાદ નોંધવા માંગ કરી છે.

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રુપાલા વિરુદ્ધ વાણવી અજયકુમાર નાનજીભાઈ દ્વારા આ ફરિયાદ નોંધવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ ફરિયાદમાં જણાવાયું છે કે, ગોંડલ ખાતેના કાર્યક્રમમાં દલિત સમાજની લાગણી દુભાઈ તેવા શબ્દો ઉચ્ચારેલ જેના વિરુદ્ધમાં એટ્રોસીટી એક્ટ મુજબ ફરીયાદ દાખલ કરવા બાબત. આ ફરિયાદમાં લખવામાં આવ્યું છે કે, પરશોત્તમ રુપાલા દ્વારા તેમના વક્તવ્ય દરમિયાન જે તે કાર્યક્રમ તેમના કોઈ કામનો નહોતો અમે તો એમ જ પહોંચી ગયા હતા, તેવુ નિવેદન આપવામાં આવ્યું છે જેના કારણે અનુસૂચિત જાતિ સમાજની લાગણી દુભાઈ છે.

રાજકોટ બેઠકના લોકસભાના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ રાજપૂત સમાજને લઈ કરેલા વિવાદિત નિવેદનથી સમગ્ર સમાજમાં રોષ છે. વિવાદ અને વિરોધનો વંટોળ થંભવાનું નામ નથી લેતો. આ તમામ વિવાદ વચ્ચે ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા માટે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને મેદાને ઉતાર્યા હતા. તેઓ ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરીને મામલે સમાધાન લાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આ મુદ્દે જ ગોંડલના શેમળામાં બેઠક યોજાઈ હતી. ક્ષત્રિય સમાજના આગેવાનો અને ભાજપના પૂર્વ ધારાસભ્ય અને લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા આ બેઠકમાં ઉપસ્થિત હતા અને જયરાજસિંહ જાડેજા આ મામલાને થાળે પાડવાની કોશિશ કરી હતી. જો કે જયરાજસિંહની આ કોશિશ સામે ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી પદ્મિનીબાએ સવાલ ઉઠાવ્યા છે અને રાજકીય રોટલા ન શેકીને સમાજની બહેનોના ન્યાય સામે લડત આપવા અનુરોધ કર્યો હતો.

### કોંગ્રેસ સંગઠનની બેઠકમાં ઉઠ્યો રૂપાલાના નિવેદનનો મુદ્દો

# શક્તિસિંહે રૂપાલાના નિવેદનને મહારાજાઓનું અપમાન ગણાવ્યું

### પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે પણ જણાવ્યુ હતું કે રૂપાલાને જનતા તેમના દરબારમાં જવાબ આપશે

અમદાવાદ, તા.૩૦

પરશોત્તમ રૂપાલાના નિવેદનનો વિવાદ શાંત થવાનું નામ નથી લઈ રહ્યો અને આ મુદ્દે હવે રાજનીતિ પણ ચરમસીમાએ પહોંચી છે. કોંગ્રેસના નેતાઓ પણ રૂપાલાના નિવેદન મુદ્દે ભાજપ પર પ્રહાર કરી રહ્યા છે. અમદાવાદમાં પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયે મળેલી કોંગ્રેસની બેઠકમાં પણ રૂપાલાના નિવેદનનો મુદ્દો ઉઠ્યો હતો અને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે રૂપાલાના નિવેદનને મહારાજાઓનુ અપમાન ગણાવ્યુ છે. શક્તિસિંહે જણાવ્યુ કે મહારાજાઓ માત્ર રાજપૂતો જ ન હતા. ક્યાંક દરબાર, ક્યાંક નાડોદા. ક્યાંક અનુસૂચિત મહારાજાઓ પણ હતા, ત્યારે આ બાબત માત્ર ક્ષત્રિય વર્સિસ પાટીદારની નથી. રૂપાલાનું નિવેદન સમગ્ર સમાજનું અપમાન કરતુ નિવેદન છે.

આ તરફ પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે પણ રૂપાલાના નિવેદનને બેજવાબદાર ગણાવ્યુ. તેમણે કહ્યુ કે આ ઘણુ દુર્ભાગ્યપૂર્ણ છે કે બેજવાબદાર નિવેદન કરનાર મહત્વપૂર્ણ જગ્યા પર છે. રૂપાલાને જનતા તેમના દરબારમાં જવાબ આપશે. લોકસભાની ચૂંટણી મુદ્દે વાસનિકે જણાવ્યુ કે લોકશાહીમાં સામાન્ય ચૂંટણીઓ એક પર્વ સમાન હોય છે.ભારતમાં ૧૦૦ કરોડથી વધુ મતદાતાઓ આ ચૂંટણીમાં ભાગ લેવાના છે. વાસનિકે વર્તમાન સરકાર પર પ્રહાર કર્યો કે ભારતમાં આજે તાનાશાહી જોવા મળી રહી છે. લોકતંત્ર સામે અનેક મુશ્કેલીઓ ઉભી કરવામાં આવી રહી છે. કોંગ્રેસ અને વિપક્ષ સામે ગેરકાયદે રીતે મુશ્કેલીઓ ઉભી કરવામાં આવે છે. માત્ર ભારતના મતદારો નહીં દુનિયા આ પ્રક્રિયાને જોઇ રહી છે.અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલયે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકની ઉપસ્થિતિમાં ચૂંટણીલક્ષી બેઠક યોજાઈ હતી. જેમા ચંદ્રિકાબેન ચુડાસમા, જિલ્લા અને શહેર પ્રમુખ સહિતના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ બેઠકમાં જુનાગઢ કોંગ્રેસના ઉમેદવારને લઈને મંથન કરવામાં આવ્યું.જેમાં શક્તિસિંહ ગોહિલ સાથે જુનાગઢ બેઠકના આગેવાન અને જુનાગઢથી કોંગ્રેસના પ્રબળ દાવેદાર હિરાભાઈ જોટવા પણ બેઠકમાં ઉપસ્થિત જોવા મળ્યા હતા. બેઠકમાં ઉમેદવારોને ૧૪ મુદ્દાનું લિસ્ટ આપવામાં આવશે. જેમા લોકસભાને લગતી વિગતો હશે. જેમા ઉમેદવારના ફોર્મ ભરવાથી લઈને કાનુની સહાય માટે ૨ વકીલો ફાળવાયા હતા. ઉમેદવારોની સંગઠન પાસેની અપેક્ષાઓ અને સ્થાનિક લેવલે સ્થિતિ અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી છે.

### કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકનો મોટો દાવો

# કોંગ્રેસ ગુજરાતમાં ૧૦થી વધુ લોકસભા બેઠકો જીતશે

### કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે નારાજ મતોને કોંગ્રેસ પોતાના તરફ ખેંચવા રણનીતિ બનાવશે

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં હાલમાં લોકસભાની ચૂંટણીનો માહોલ જામ્યો છે. ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જોરશોરથી પ્રચાર કરી રહી છે. ત્યારે લોકસભા ચૂંટણીને લઈને કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે એક મોટો દાવો કરીને ખળભળાટ મચાવી દીધો છે. મુકુલ વાસનિકે કોંગ્રેસ ગુજરાતમાં ૧૦થી વધુ લોકસભા બેઠકો જીતશે તેવો દાવો કર્યો છે.

માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં ભાજપ સામે વિરોધનો વંટોળ પૈદા થઈ રહ્યો છે. ત્યારે મતદાન નજીક આવતા ભાજપ સામેનો આક્રોશ વધુ જોવા મળશે તેવું મુકુલ વાસનિકે જણાવ્યું હતું.

મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે નારાજ મતોને કોંગ્રેસ પોતાના તરફ ખેંચવા રણનીતિ બનાવશે.

કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક હાલ એક દિવસના ગુજરાત પ્રવાસે છે. ત્યારે લોકસભાની ચૂંટણી મુદ્દે વાસનિકનું એક મહત્વપૂર્ણ નિવેદન ચર્ચાનો વિષય બન્યું છે. મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે લોકશાહીમાં સામાન્ય ચુંટણી પર્વ સમાન છે. ભારતના ૧૦૦ કરોડથી વધારે લોકો મતદાનમાં ભાગ લઈ શકશે. પરંતુ ભારતમાં આજે તાનાશાહી વ્યવસ્થા જોવાઈ રહી છે. લોકતંત્ર સામે અનેક મુશ્કેલીઓ ઉભી કરવામાં આવી છે. કોંગ્રેસ અને વિપક્ષ સામે ગેરકાયદેસર રીતે મુશ્કેલીઓ ઉભી કરવામાં આવે છે. માત્ર ભારતના મતદારો નહીં દુનિયા આ પ્રક્રિયાને જોઇ રહી છે. તેમણે ઉમેર્યુ હતું કે, કોંગ્રેસના ઉમેદવાર, કોર્ડીનેટર અને નેતાઓ સાથે આજે બેઠક કરી હતી. ચૂંટણી માટે કોંગ્રેસમાં છેલ્લી તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાતમાંથી થનારુ પરિવર્તન આખા દેશ સામે આવશે. અમે સમય પહેલાં ઉમેદવારો જાહેર કર્યા છે, બાકીના બે દિવસમાં જાહેર થશે. વાસનિકે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ દ્વારા તમામ બેઠકો પર ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે. બે બેઠકો પર વિરોધના કારણે ભાજપે ઉમેદવારો બદલવાનો વારો આવ્યો છે. હજુ પણ અનેક બેઠકો પર મુશ્કેલી જોવા મળી રહી છે. અત્યાર સુધી કોંગ્રેસની જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ ભાજપમાં જોવા મળી રહી છે. બીજી બાજુ કોંગ્રેસના સાત ઉમેદવારો જાહેર થવાના બાકી છે. જ્યારે ભાજપે લોકસભાના મેદાનમાં ૨૬ બેઠકો પર ઉમેદવારો ઉતારી દીધા છે.

## દેશ માટે મહત્વની ચૂંટણીમાં બિનજરૂરી વિવાદો ઉભા કરવાની પરંપરા

# મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ પાછળ ધકેલાયા

**દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ વધતી હોય ચૂંટણી સમયે ભુલાવી દેવાનો પ્રયાસ**

**હરિફ ઉમેદવારને અવનવા બ્હાનાતળે બદનામ કરીને દેશવાસીઓને અવળે માર્ગે ચડાવી દેવાયા**

**દેશનાં મોટાભાગનાં મીડિયા સમૂહો પણ દેશવાસીઓને અવળે માર્ગે ચડાવવાનાં કામે ચડી ગયા**

**અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશનાં મતદારોએ રાજકીય પક્ષોની ભવાઈથી દૂર રહેવાની જરૂર**

અમરેલી, તા. ૩૦

વિશ્વની સૌથી મોટી લોકશાહસ ધરાવતાં અંદાજિત ૧૦૦ કરોડમતદારો ધરાવતાં ભારત દેશનાં રાજકીય પક્ષો દેશવાસીઓનાં મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતનાં રોજબરોજનાં પ્રશ્નોને ભુલાવી દેવા માટે હરિફ ઉમેદવાર કે હરિફ રાજકીય પક્ષને ઉતારી પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેમાં અનેક મીડિયા સમૂહ પણ રાજકીય પક્ષોનાં ઈશારે ચાલતાં હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

દેશવાસીઓ છેલ્લા ૧૦ વર્ષમાં મોંઘવારી, બેરોજગારી જેવી અનેક સમસ્યાઓથી પિડીત બન્યા છે અને તેના આધરે મતદાન થવાથી રાજકીય પક્ષોને ચોકકસ નુકસાન થવાનું હોવાથી દેશનાં મુખ્ય રાજકીય પક્ષ ઉપરાંત અનેક રાજયોમાં શાસન ચલાવતાં અન્ય પક્ષોનાં નેતાઓને રોજબરોજનાં પ્રરૂનો ભુલાવી દેવાનો પ્રયાસ કરતાં જોવા મળી રહ્યા છે.

દેશનાં મતદારોએ થોડા દિવસો સુધી તટસ્થ મીડિયા સમૂહ હોય તેના અવલોકન, આત્માનો અવાજ અને છેલ્લા પાંચ વર્ષમાં કોવિડ, મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર જેવી સમસ્યાનો સામનો કર્યો હોય તો તેના આધારે જ મતદાન કરવાની જરૂર છે નહિ તો આગામી પાંચ વર્ષ સુધી અફસોસ કર્યા સિવાય કશુ મળવાનું નથી.

## ભાજપનાં ઉમેદવારને બદલો




ધારીનાં ગ્રામ્ય વિસ્તારમાં કોઈ અજાણ્યા વ્યકિતઓએ "ભાજપનાં ઉમેદવારને બદલો લી. અમરેલીનો અવાજ, હમ ખાયને કેજો ભરત સુતરીયા હાલે ? આને બદલો ભાય ૪ પાસ છે." તેવું લખાણ કરવામાં આવતા આ સમાચારે ચકચાર જગાવી છે.

### ઈકો અને સેવરોલેટ વચ્ચે ટક્કર

## બગસરાનાં જેતપુર માર્ગ ઉપર ૨ ફોર વ્હીલ અથડાતા ચાલકો ઈજાગ્રસ્ત

**સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩૦

બગસરામાં જેતપુર રોડ પર સામસામે ફોરવ્હીલ અથડાતા અકસ્માત સર્જાયો બંને ફોરવીલના ડ્રાઈવરનો ચમત્કારી બચાવ થયો હતો. મળતી માહિતી મુજબ બગસરાના જેતપુર રોડ પર હુડકોથી આગળ બગસરા તરફ ફૂલ ઝડપે આવતી ઈકો કાર જીજે ૧૧ ડીસી

અનુસંધાન પાના ૬ ઉપર

### ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન દ્વારા

## અમરેલીમાં આવતીકાલે અખાડા ગ્રાઉન્ડમાં ખેલાડીઓની થશે પસંદગી

**રણજી ટ્રોફી ખેલાડીઓ કરશે ક્રિકેટરની પસંદગી**

અમરેલી, તા. ૩૦

અમરેલી ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનનાં પ્રમુખની યાદીમાં જણાવ્યા અનુસાર ૧ એપ્રિલને સોમવારે અખાડા ગ્રાઉન્ડ ખાતે બપોરે ૩ કલાકે અન્ડર–૧૬, અન્ડર–૧૯ અને અન્ડર–૨૩ ખેલાડીઓને ઉપસ્થિતિ રહેવા જણાવાયું છે.

રસ ધરાવનાર ક્રિકેટવીરોએ સફેદ ડ્રેસ પહેરવો ફરજિયાત છે. સાથે કીટ બેગ અને જન્મનું પ્રમાણપત્ર, સ્કૂલ બોનાફાઈડ, ઓરીજનલ આધારકાર્ડ, ઓરીજનલ પાનકાર્ડ સહિતનાં દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## માતા–પિતા વિહોણી ૩૬ દીકરીઓનાં પાલક પિતા કરશે કન્યાદાન

# બાબરા ખાતે શ્રી વડલીવાળી મેલડીમાનાં સાંનિધ્યમાં આગામી ૮ એપ્રિલનાં સમૂહ લગ્નોત્સવ યોજાશે

**દીકરીઓને ટીવી, ફ્રીઝ સહિતનો કરિયાવર અર્પણ કરાશે : રાજુભાઈ જેઠવા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

શ્રી વડલીવાળી મેલડીમાના સાનિધ્યમાં આગામી ૮ એપ્રિલના રોજ ભવ્ય અને દિવ્ય સમૂહ લગ્નનું તેમજ રૂક્ષ્મણી વિવાહનું આયોજન અહીંના માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું છે. તેમના દ્વારા અહી ત્રીજા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બાબરા તાલુકાની માતા–પિતા વિહોણી ૩૬ જેટલી દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે.

બાબરામાં સમગ્ર પંથક તેમજ સૌરાષ્ટ્રમાં આસ્થાનું સ્થાન એટલે અહીં નિલવળા રોડ પર આવેલ શ્રી વડલીવાળી મેલડીમાંનું મંદિર અહીં દર વર્ષ ધાર્મિક તેમજ સામાજિક અને પર્યાવરણના કાર્યો થતા રહે છે. મંદિરના વહીવટ કર્તા તેમજ માતાજીના ઉપાસક રાજુભાઈ જેઠવા અહી મંદિરમાં વિવિધ યજ્ઞો તેમજ સપ્તાહ, માતાજી ના માંડવા તેમજ સમૂહલગ્ન, વૃક્ષારોપણ સહિત સામાજિક અને પર્યાવરણલક્ષી કામગીરી પણ કરવામાં આવી રહી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## કોંગ્રેસનાં ઉમેદવાર "અમરેલી એકસપ્રેસ" કાર્યાલયમાં



અમરેલી લોકસભા બેઠકનાં ઉમેદવાર જેનીબેન ઠુંમરે "અમરેલી એકસપ્રેસ" કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને સાંસદ બનશે તો જિલ્લામાં ઉદ્યોગોનું સ્થાપન, સ્થાનિક યુવાનોને રોજગારી, બ્રોડગેજ રેલ્વે, હીરા ઉદ્યોગને પ્રોત્સાહન સહિતનાં કાર્યો કરવાની ખાત્રી આપી હતી.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી.... એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૯૦૧૭ ૯૯૭૫૭ | કિશનભાઈ મો.૯૯૨૫૧ ૯૧૧૮૪ | મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

સ્થાપના વર્ષ: ૧૯૫૯
અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત બેસ્ટ સ્કૂલ એવોર્ડથી સન્માનિત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી, ગુજરાત, ૩૬૫૬૦૧
એડમિશન ઓપન ૨૦૨૪-૨૫
:– સ્કૂલ :–
બાલમંદિર થી ધોરણ : ૧૨
સાયન્સ, કોમર્સ, અને આર્ટ્સ માં
ગુજરાતી / અંગ્રેજી / મિશ્ર માધ્યમ
ગર્લ્સ અને બોયઝ
એડમિશન હેલ્પલાઈન નં. 909 909 8220
:– હોસ્ટેલ :–
ધોરણ: ૫ થી ૧૨
ગર્લ્સ અને બોયઝ માટે અલગ–અલગ સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્ટેલ
૧૦૦ એકરમા પથરાયેલ વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચર અને અદ્યતન ટેકનોલોજી થી સૂસજ્જ કેમ્પસની સુવિધાઓ રૂબરૂ નિહાળવા આવકારીએ છીએ.
www.vidyasabha.com

LG BEST SHOP
Life's Good.
EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો.99 74 77 23 77

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)